ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજયુકેશન સોસાયટી, સુરતનું મુખપત્ર

# વહોરા સમાચાર

## વીતેલો સમય પાછો ફરતો નથી

માણસનું જીવન બીજા માણસો સાથે, એટલે કે સમાજ અને સમૂહ સાથે એટલા બધા તાણાવાણાથી જોડાયેલું છે કે, એનું પોતાનું હોય એવું જીવન એ બહુ જ ઓછું જીવી શકે છે. ઘેટાંના સમૂહમાં રહેતા એક ઘેટાની જેમ એ પણ જીવનની નેવું ટકા બાબતોમાં અને કેટલાક તો નવ્વાણું ટકા બાબતોમાં ટોળાને જ અનુસરે છે. વ્યકિતગત જીવન જીવવાના બદલે માત્ર ટોળાનું જ જીવન જીવે છે.

જે અંતર ગાડામાં માણસ દસ દિવસે કાપી શકતો એ જ અંતર ઘોડા પર ચાર દિવસે કાપી શકતો અને કારમાં બે કલાક અને પ્લેનમાં અમદાવાદથી મુંબઇ એકાદ કલાકમાં કાપી શકે છે. એટલી સગવડ પછી, ગાડામાં મુસાફરી કરનાર કરતાં પ્લેનમાં મુસાફરી કરનાર પાસે કેટલો બધો સમય વધવો જોઇએ? પણ પ્લેનમાં મુસાફરી કરનારને હંમેશાં એમ લાગ્યા કરે છે કે હજી સમય બચી શકતો હોત તો સારું હતું.

ઝડપી સમયના ચક્રમાં ફસાયેલા આપણે આ ચક્રમાંથી ભાગ્યે જ છૂટી શકીએ એમ છીએ, પરંતુ આપણે એ ભૂલી જઇએ છીએ કે આપણું જીવન સાધનો કે સગવડોનું નહીં પણ સમયની ક્ષણોનું બનેલું છે. એટલે આપણા માટે સૌથી કીમતી ચીજ સમય છે.

વીતેલો સમય પાછો ફરતો નથી.

■ મસ્ત મંગેરા-કાંગવઇ

રબિઉલ અવ્વલ ૧૪૪૪ ઓકટોબર - ૨૦૨૨ તંત્રીઃ મસ્ત મંગેરા

www.ssvmes.org
vohrasociety@gmail.com
vohrasamachar@gmail.com
www.vohratimes.org
vohrasociety@yahoo.com
vohrasamachar@yahoo.com

## શાદી મુબારક

- આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ તેમજ વોલસોલ-યુ.કે. ખાતેના માનદ્ પ્રતિનિધી **જ.સલીમભાઇ હસનજી પટેલ સા.** ની નેક દુખ્તર **આમીરા** ની શાદી બાટલી ખાતે **હાફીઝ મોહંમ્મદ મુનીબ અ.સમદ પટેલ** સાથે **તા.૦૬-૦૮-૨૦૨૨** ના શનિવાર ના રોજ થઇ છે. આ ખુશીના પ્રસંગે સોસાયટીના કાર્યકર્તાઓ નવદંપતીને તથા તેમના વાલેદૈનને મુબારકબાદી પાઠવે છે.

  અલ્લાહપાક દુલ્હા-દુલ્હનની જોડીને આબાદ અને સુખી રાખી મોહબ્બતથી ભરપૂર લાંબુ આયુષ્ય બક્ષે અને બન્ને ખાનદાનમાં મોહબ્બત અતા ફરમાવે.આમીન.

- આપણી સોસાયટીના ઓન.જન.સેક્રટરી **જ. યુસુફભાઇ પટેલ સા. (સાવાવાલા)** ની પૌત્રી **ઇરમ સીરાજ પટેલ** ની શાદી **ફૈઝલ સીરાજ સીદાત** સાથે **તા.૧૬-૦૯-૨૦૨૨** ના જુમ્આના રોજ કોસંબા મુકામે થઇ છે. આ ખુશીના પ્રસંગે સોસાયટીના કાર્યકર્તાઓ નવદંપતીને તથા તેમના વાલેદૈનને મુબારકબાદી પાઠવે છે.

  **અલ્લાહપાક દુલ્હા-દુલ્હનની જોડીને આબાદ અને સુખી રાખી મોહબ્બતથી ભરપૂર લાંબુ આયુષ્ય બક્ષે અને બન્ને ખાનદાનમાં મોહબ્બત અતા ફરમાવે.આમીન.**

## જઝાકુમુલ્લાહ

**જનાબ અહમદભાઇ યાકુબ પટેલ સા. જીદ્દાહ** તરફથી **રૂા. ૧૪,૫૦૦/-** સોસાયટીના ઝકાતફંડમાં **જનાબ બાબુભાઇ પટેલ સા. ઉમરવાડા** હસ્તે મળ્યા છે.

**અલ્લાહપાક મદદ આપનાર - અપાવનાર સર્વેને બહેતરીન બદલો બન્ને જહાનમાં આપે.આમીન.**

## આપણા સમાજનું ગૌરવ

B.Phar macy



આપણી સોસાયટીના સ્કોલર ન.કરારવેલના વતની હાફીઝે કુર્આન **મોહંમદકૈફ અસ્લમ અટન** એ ગુજરાત ટેકનોલોજીકલ યુનીવર્સીટી દ્વારા લેવાયેલ **B.Pharmacy** ની પરીક્ષા શ્રી ઘનવંતરી ફાર્મસી કોલેજ,કીમ માંથી ફર્સ્ટ કલાસમાં પાસ કરી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

B.Com



રાંદેરના વતની **આલીયા અહમદ ઇસ્માઇલ** એ વીર નર્મદ સાઉથ ગુજરાત યુનીવર્સીટી દ્વારા લેવાયેલ **B.Com** ની પરીક્ષા ફર્સ્ટ કલાસમાં પાસ કરી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

## શીફા માટે દુઆ

આપણી સોસાયટીના મેનેજીંગ કમિટીના સભ્ય **જનાબ ડૉકટર આઇ.વાય.વેડછીયા સા. સુરત** ની તબિયત નાદુરસ્ત છે. અમો અલ્લાહતઆલાથી દુઆ કરીએ કે માબુદે કરીમ એમને શીફાએ કામિલા બક્ષે અને ઉમરમાં બરકત અતા ફરમાવે. આમીન.

વહોરા સમાચારના વિશાળ વાંચકગણને એમના માટે શીફાએ કામીલા માટે દુઆ કરવા નમ્ર ગુજારીશ છે.

# વહોરા સમાચાર

## ■ હદીશ શરીફ

❖ ઇલ્મના ઢગ ખડકવાથી કોઇ ફાયદો નહિં થાય ત્યાં સુધી કે ત્રણ બાબતો પર અમલ નહિં કરે. દુનિયાને પસંદ ન કરે, કારણ કે એ મોમીનોનું ઘર નથી. અને શયતાનની દોસ્તી ન કરે, કારણ કે એ મોમીનોનો દોસ્ત નથી. અને કોઇને દુ:ખ ન દે કારણ કે એ મોમીનોનો ધંધો નથી.

## ■ સુવિચાર

❖ વ્યકિત ના કર્મો જ તેની સાચી ઓળખાણ હોય છે,
બાકી એક નામ ના હજારો લોકો હોય છે આ દુનિયામાં.


**અંક : ૧૦**

**માસ : ઓક્ટોબર ૨૦૨૨**

**માહે : રબિઉલ અવ્વલ ૧૪૪૪**

**તંત્રી : મસ્ત મંગેરા**


## ■ એકતા

એક પથ્થર લો અને એક કુતરાને મારો. કુતરુ ડર થી ભાગી જશે. હવે એજ પથ્થર લો.. અને મધમાખી ના મધપૂડા પર મારો. તમારો હાલ શું થાય ? પથ્થર એ જ છે. તમે પણ એ જ છો.. ફર્ક કફત છે એકતા નો. એકતા માંજ શકિત છે. આપણામાં એકતા નહીં હોય તો, ના તો સમય બદલાશે અને ના તો સમાજ બદલાશે. એક વખત અવશ્ય વિચારજો.

## ■ તંત્રી સ્થાનેથી...!

સમય સતત બદલાતો રહે છે. એમાં દિશા ખોટી હોય તો પાછું વળી જવું પછી તે રસ્તો હોય કે સંબંધ.

હવે રોજ નવા નવા સમાચારો વહેતા રહે છે. સમાજે ઉંડાણથી દરેક હકીકતને જાણવી પડશે. અને તે રીતે બદલાવ કરવો પડશે.

સંસ્થાની શરૂઆતના વર્ષોમાં ડૉકટર એમ.ઇ.કાઝી સાહેબ-કોસંબામાં કલિનિક ચલાવતા હતા. અને દરરોજ સોસાયટીમાં આવેલા પત્રોના જવાબ મોકલતા હતા. અને ખૂબ ખંતથી સંસ્થાનું કામ સંભાળતા હતા.

આ લખનારે એમને સોસાયટી દ્વારા ચલાવાતી હોસ્ટેલમાં વારંવાર આવતા અને સૌ વિદ્યાર્થીઓ સાથે વાતો કરતા. બહું સાદું જીવન હતું. સોસાયટીના એ પ્રથમ સેક્રેટરી.

એમણે સંસ્થા માટે ઘણી મહેનત કરેલી તેનો હું સાક્ષી છું.

મારા જેવા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને જુદા જુદા ટ્રસ્ટોમાંથી મદદ મેળવી આપી ઘણો સહકાર આપતા. એમને પ્રત્યે મને ખૂબ માન હતું અને મારા પર એમનો ઘણો ઉપકાર છે. અને હું અલ્લાહપાકથી દુઆ કરું છું એમને ઉચ્ચતમ બદલો આપે. આમીન.

કોસંબા એમની કલિનિકમાં જઇને હું વિદ્યાર્થી અવસ્થામાં પણ મળી આવતો. મારી વાત સાંભળી હંમેશા મને મદદરૂપ થતા હતા. અન્યો જેઓ મારા માટે, સંસ્થા માટે સારી લાગણી હતી- જેમના વિષે હવે પછી.


- મસ્ત મંગેરા (કાંગવઈ)

**E-mail : mastamangerakangwai@yahoo.com**
**Mob : 9426771991**



તંત્રી,મુદ્રક અને પ્રકાશક :- અહમદ ઈબ્રાહીમ મંગેરા ('મસ્ત' મંગેરા) મુદ્રણ સ્થાન:- નટરાજ પ્રિન્ટર્સ,ઈન્દરપુરા આંબાવાડી,સુરત
પ્રકાશન:- વહોરા સમાચાર,કાર્યાલય સ્થળ :- સુફીબાગ,રેલ્વે સ્ટેશન સામે,સુરત- ૩૯૫ ૦૦૩ માલિક :-ધી સુ.સુ.વ.મુ.એ.સોસાયટી-સુરત.

## નેકી, તારાં નવલખ રૂપ

- મુસાજી દીપક બારડોલીકર

### મહાભાગ્યશાળી

દિવસ અને રાત એટલે પ્રકાશ અને તિમિરનો એક અદ્‌ભુત ખેલ. દિવસ દરેક વસ્તુને પ્રકાશિત કરે છે, જયારે રાત તેના શ્યામ અંચળા હેઠળ દરેક વસ્તુને ઢાંકી દે છે, બધું કાળું કરી નાંખે છે.

કંઇક એવી જ હકીકત નેકી તથા બદીની છે. નેકીમાં રોશની છે – સારાઇ છે, ભલાઇ છે, પરંતુ બદીમાં અંધકાર, બુરાઇ, ભૂંડાઇ, દુષ્ટતા – ભ્રષ્ટતા સિવાય કંઇ હોતું નથી. નેકી જયાં પહોંચે છે તે સ્થળને અજવાળી દે છે, રોશન કરી દે છે અને નેકીનાં કિરણો જયારે હૃદયમાં ઉતરે છે ત્યારે ત્યાં જામેલા બદીના, અનૈતિકતાના થર ઓગળવા લાગે છે. નેકીના પ્રભાવ આગળ બદી ટકી શકતી નથી.

આ નૈતિક ગુણ યાને નેકીની દરેક મનુષ્યને હંમેશ જરૂરત રહે છે. એ નેકી જ છે, જે માણસને સાચા અર્થમાં માણસ બનાવે છે. તેના જીવનને પવિત્રાઇ, સારાઇ, સચ્ચાઇ, વિનમ્રતા, સહનશીલતા, સ્નેહભાવ, દયાભાવ, ઉદારતા – શ્રધ્ધા જેવા અત્યુત્તમ ગુણોથી ભર્યું ભર્યું કરી દે છે. પરંતુ આ અમૂલ્ય ગુણો બેઠાબેઠ પ્રાપ્ત થતા નથી. એ માટે સખત પ્રયાસ કરવા પડે છે અને ત્યારે શેતાન તથા શેતાની બળોના સામના જેવી કસોટીમાંથીયે પસાર થવું પડે છે. ધીરજવાન સહનશીલ લોકો એ કસોટીમાંથી આબાદ પાર ઉતરી જાય છે.

આવા લોકો પોતાની મનેચ્છાઓને, મનોવૃત્તિઓને અંકુશમાં રાખીને બુરાઇને સારાઇ વડે દૂર કરવાના પ્રયાસોમાં સતત લાગ્યા રહે છે, અપમાન તથા ઉદ્ધતાઇ સામે પણ ઉશ્કેરાતા નથી અને તેઓ આમ નામના માટે નહીં, અલ્લાહ–તઆલાની પ્રસન્નતા ખાતર કરતા હોય છે. આ એક મહાન સાધના છે અને એ વિશે કુર્આને કરીમ આપણને આ શબ્દોમાં બોધ આપે છે:

સારાઇ અને બુરાઇ સરખી હોઇ શકતી નથી. (બુરાઇને) સારાઇ વડે દૂર કરો. ત્યાર પછી, તમારી અને જેની વચ્ચે અદાવત હતી તે પ્રિય મિત્ર જેવો બની જશે. (૩૪) કુસ્સિલાત–૪૧

બુરાઇને સારાઇ વડે દૂર કરવાનું કાર્ય સહેલું નથી હોતું. એ ભારે હોસલાનું કામ હોય છે. આ સિધ્ધિ કોને મળે છે ? જુઓ, કુર્આન શું કહે છે:

અને આવી સારાઇ તેમના સિવાય કોઇને મળશે નહીં, જેઓ ધીરજ ધરે છે અને સહનશીલતા જાળવે છે. – કોઇ નહીં, પણ (તે) લોકો મહાભાગ્યશાળી છે. (૩૫) કુસ્સિલાત – ૪૧

મજકુર આયતો પરથી ફલિત થાય છે કે નેકીનો, સારાઇનો માર્ગ પુષ્પછાયો નહીં, બલકે કંટકછાયો છે અને એ માર્ગ પર તે લોકો ચાલી શકે છે, જે ધીરજ અને સહનશીલતાના ધણી હોય છે. જેમણે પોતાના મનને કેળવ્યાં હોય છે, પોતાની વૃત્તિઓ પર અંકુશ મેળવ્યો હોય છે– આવા લોકો અન્ય લોકો માટે મિસાલ બને છે અને તેમને પગલે સમાજમાં પરિવર્તનનો સંચાર થવા પામે છે. આવા નેક, ધીરજવાન – સહનશીલ લોકોને અલ્લાહ–તઆલાએ મહાભાગ્યશાળી કહયા છે. એ છે સાચી સફળતા. ■

# રહસ્યો અને રંગોભરી કુદરત

- પ્રો.ડૉ. હસન લુણત વિતાન (આલીપોર)

કુદરત રહસ્યમય છે. ચારો તરફ, ઉપરનીચે, આકાશમાં, આકાશનીચે પેલેપાર, પેટાળમાં, અણુએ અણુમાં, કણકણમાં પથરાયેલી કુદરત પારાવાર રહસ્યોથી ભરપૂર છે. કુદરતનું કોઇપણ સર્જન કે વિસર્જન રહસ્યથી પર નથી. આ રહસ્યોનું સૃષ્ટિના સર્જનકાળથી જતન કરવામાં કુદરતની કમાલ રહેલી છે.

કેટલાંક વર્ષો પહેલાં (ઇ.સ. ૨૦૦૬ માં) ચોમાસામાં રાજસ્થાનના બાડમેર જેવા શુષ્ક અને રેતાળ પ્રદેશમાં પણ ભારેથી અતિભારે વરસાદ પડયો અને એ વિસ્તારમાં ભયંકર પૂરની પરિસ્થિતિ સર્જી દીધી. સેંકડો માણસો અને પશુઓ તણાયા અને માલ - મિલકતને કરોડો રૂપિયનું નુકસાન થયું. જયાં ઓછામાં ઓછો વરસાદ પડે છે, જયાં લગભગ દર વર્ષે દુષ્કાળની પરિસ્થિતિ હોય છે, ત્યાં આ પ્રમાણે બેશુમાર વરસાદનું વરસવું એક અસામાન્ય કુદરતી ઘટના હતી. તો જયાં દેશમાં સૌથી વધુ વરસાદ પડે છે, જયાંની નદીઓમાં ભયંકર પૂર આવ્યાના સમાચાર દર વર્ષે સાંભળવા મળે છે, એ આસામ રાજયમાં એજ વર્ષે ખૂબ જ ઓછો વરસાદ પડયો. બલકે, દુષ્કાળની પરિસ્થિતિ સર્જાઇ. છેલ્લાં ઘણાં વર્ષોથી દુનિયાના અનેક ભાગોમાં આવું બની રહયું છે. ભૂગોળ જાણે બદલાઇ રહી છે, હવામાન બદલાઇ રહયું છે. પશ્ચિમના કેટલાક ઠંડા દેશોમાં અસહય ગરમી પડવા માંડી છે. વૈજ્ઞાનિકો, ખગોળશાસ્ત્રીઓ અને ભૂસ્તરશાસ્ત્રીઓ પોતપોતાના મત વ્યકત કરે છે. પરંતુ મત વ્યકત કરવા સિવાય તેઓ કશું કરી શકે તેમ નથી. કુદરત અગણિત રહસ્યોને પોતાની અંદર છુપાવી રહી છે, જેને ઉકેલવામાં માણસ હંમેશા વામણો પૂરવાર થયો છે.

આપણી આસપાસ રોજ રોજ કેટકેટલી ઘટનાઓ બનતી રહે છે: ગુલાબના છોડ પર સાંજે જે કળી હતી તે બીજા દિવસે સવારે પૂર્ણરૂપે ખીલેલું ફૂલ બની ગઇ, ગલગોટાના ફૂલ પર આ પીળચટ્ટો રંગ કોણ છાંટી ગયું? મોગરાનાં આ ફૂલોમાં સુગંધ કયાંથી આવી? સફરજનની મીઠાશ અને ચીકુની મીઠાશમાં તફાવત કેમ દેખાય છે? કારેલામાં કડવાશ કયાંથી આવી? ફળોમાં અને ફૂલોમાં રંગ અને સ્વાદનું આ વૈવિધ્ય કયા વૈજ્ઞાનિકે તૈયાર કર્યુ છે? એની કોઇ ફોર્મ્યુલા છે માણસ પાસે? વૃક્ષોના આકાર જુદા, તે પરનાં પાંદડાઓના આકાર પણ જુદા જુદા, નાના નાના છોડની લાખો જાતિઓ, જે સહુથી વનસ્પતિશાસ્ત્રીઓ પણ સંપૂર્ણ વાકેફ હોતા નથી, તો સામાન્ય માનવીનું ગજું કેટલું? કોણ સર્જે છે આ વૃક્ષો અને વનસ્પતિઓને? કોણ ઉગાડે છે તે પર ભાતભાતનાં પાંદડાં, ફળો અને ફૂલોને? તેમાં રંગો અને સ્વાદોને કોણ ભરે છે? કુદરતનાં રહસ્યોને પામી શકવા માણસ સર્વથા અસમર્થ છે.

કુદરતની રચનાઓ અજીબોગરીબ છે. એ વડના તોતીંગ વૃક્ષ પર નાનાં નાનાં ટેટાં ઉગાડે છે અને જમીન પર પથરાઇ જતા નાજુક નાજુક વેલાઓ પર મસમોટાં તડબૂચ ઉગાડવાની શકિત પણ ધરાવે છે. ફળ કાચું હોય ત્યારે રંગ અલગ, ફળ પાકું હોય ત્યારે રંગ અલગ - અંદરથી રંગ અલગ, બહારથી રંગ અલગ. આ રંગ - પરિવર્તન શેને આભારી છે? એકરંગી લાગતા આકાશને વહેલી સવારે પૂર્વ દિશામાં જુઓ, સંધ્યા સમયે પશ્ચિમ દિશામાં જુઓ. રંગોનો જાણે મેળો જામ્યો હોય છે! અદ્‌ભૂત રંગો! આકાશના બંને છેડે - ઉગતા અને આથમતા સૂર્યની આસપાસ રંગોની આ જમાવટ કોણ કરે છે? વર્ષાઋતુમાં કયારેક અચાનક આકાશમાં ફુટી નીકળતો સપ્તરંગી અર્ધગોળાકાર કોણ સર્જે છે? છે કોઇની તાકાત આવું સર્જન કરવાની?

વાડામાં લીમડાની ડાળે એક પક્ષી આવી બેઠું છે. એની ડોક, પાંખ અને પૂંછનો રંગ જુદો છે. નાનું

સરખું પતંગિયું રંગોનું કેટલું વૈવિધ્ય ધરાવે છે! એની પાંખો પર રંગોનું જે મિશ્રણ અને જે અવનવી ભાત જોવા મળે છે, તે કુદરતનો નયનરમ્ય નજારો હોય છે. આ નાનકડા જીવને કુદરતે જે સૌન્દર્ય બક્ષ્યું છે, તે અદ્‌ભૂત છે. પશુ અને પક્ષી જગતના જીવોને કુદરતે અપાર વૈવિધ્ય ધરાવતા ચામડીનાં, વાળનાં, પીંછાંનાં, રંગો આપ્યા હોય છે. એ રંગ આપણને હંમેશા જુદા જુદા કારણોસર આકર્ષતા રહે છે. છતાં આપણે એના ભેદ પામી શકતાં નથી.

નદીમાં, સમુદ્રમાં તરતી - જીવતી માછલી આકારો અને રંગોનું અદ્‌ભૂત દ્રશ્ય ખડું કરે છે. માછલીની ભીની, લીસી ત્વચા પર કુદરતે રંગોના કેવા નજારા ઉભા કર્યા છે. અને સમુદ્રમાં રહેતી અન્ય જીવસૃષ્ટિના દેખાવ અને રંગોની તો વાત જ શી કરવી? કુદરતે સમુદ્રમાં જળચર જીવોની એક વિશાળ દુનિયા સર્જી છે, જેમાં એવા પાકા અને સાચા રંગોનું અર્પણ થયું છે કે સતત જળમાં રહેવા છતાં એ રંગો ધોવાઇ જતા નથી કે ફિકકા પડી જતા નથી!

કુદરતની કલાકારીગરી માનવીની સમજથી બહારની બાબત છે. એણે સૃષ્ટિનું નિર્માણ કર્યું અને સૃષ્ટિને રંગોથી ભરી દીધી. એણે છોડ અને વૃક્ષોને, ફળો અને ફૂલોને, પશુઓ અને પક્ષીઓને જાતજાતના રંગો આપ્યા. એ બધા તો સજીવ છે પરંતુ એણે તો નિર્જીવને પણ રંગો આપ્યા છે. પથ્થરના કેટકેટલા રૂપ અને રંગ હોય છે! પથ્થર કોલસા જેવો કાળો પણ હોઇ શકે અને દૂધ જેવો સફેદ પણ હોઇ શકે. લાલ અને અન્ય રંગના પથ્થર પણ જમીનમાંથી નીકળે છે. એક જ જગ્યાએ જમીનના જુદા જુદા સ્તરે પણ પથ્થરોમાં રંગ, રૂપ, ગુણવત્તાનું વૈવિધ્ય જોવા મળે છે. જેવું પથ્થરોનું એવું માટીનું. માટીમાં પણ કુદરતે કેવાં કામણ ભર્યા છે. એમાં વિધવિધ રંગો તો છે જ, સાથે જ એ માટીમાં માણસને જકડવાનું અજબ સામર્થ્ય પણ ભર્યું છે. મિટ્ટીનો રંગ, મિટ્ટીની તાસીર માણસને પોતાની તરફ ખેંચે છે.

અને માણસ! કુદરતે વનસ્પતિ, એનાં ફૂલો, ફળો, આકાશ, આકાશમાં ઉડાઉડ કરતાં પક્ષીઓ, પાળેલાં અને હિંસક પશુઓ, મત્સ્ય વગેરે સમુદ્રી જીવો, પ્રકૃતિના અન્ય તત્વો વગેરેને જે રંગો આપ્યા છે, તે બધા જ રંગો એક સાથે માણસમાં, માનવજાતિમાં ભરી દીધા છે. કુદરતે માનવજાતિમાં સૃષ્ટિ પરના તમામ રંગોનો સરવાળો કરી દીધો છે. અહીં માત્ર ચામડીના, વાળના કે આંખના રંગની વાત નથી. પશુપક્ષી અને વનસ્પતિના બાહય દેખાવમાં રંગોનું જે વિપુલ વૈવિધ્ય છે, તેવું વૈવિધ્ય અર્થાત્ રંગવૈવિધ્ય માનવીના બાહય દેખાવમાં નથી. માણસની ચામડી કેટલા રંગની હોઇ શકે? કોઇની ચામડી લીલી કે જાંબલી હોતી નથી. વાળ કે આંખને પણ બે - ત્રણ વિકલ્પે જ રંગભેદ છે. છતાં કહેવું પડે છે કે માનવજાતિમાં કુદરતે સૃષ્ટિના તમામ રંગોનું એક સાથે સમાયોજન કર્યુ છે. તો માનવજાતિમાં આ રંગો છે ક્યાં?

મહાન કુદરતે પોતે સર્જેલી સૃષ્ટિ પરના તમામ રંગો માનવના મનમાં સંચિત કરી દીધા છે. માનવમન વિવિધરંગી છે. કુદરતે સૃષ્ટિ પરના કોઇ જીવને માનવ જેવું મન આપ્યું નથી. એ ઇચ્છે તે રંગને પોતાનામાં સમાવી શકે છે અને ઇચ્છા મુજબ ગમે ત્યારે બહાર વ્યકત કરી શકે છે. જેટલા વિચાર, જેટલા ભાવ, જેટલા તરંગો તેટલા રંગો અર્થાત્ બેશુમાર રંગો, રંગો ઉપર રંગો. કેટલાંકના મન એટલાં વિચિત્ર હોય છે કે બધા જ રંગોનો પોતાની અંદર સમાવવાનો પ્રયત્ન કરે છે, રંગોની અફડાતફડીમાં મન એવું ભેરવાઇ જાય છે કે મન જાણે રંગોમાં નહીં, કાદવમાં ખરડાઇ જાય છે, રંગોના લપેડામાં અસલ રંગ ખોવાઇ જાય છે.

માનવમનને અનેક રંગો ઝીલવા સક્ષમ

બનાવવું એ કુદરતની કમાલ છે. એને અમુક જ રંગમાં રંગી દેવું કે અમુક રંગને ઉખેડીને બહાર નીકળી જવું એમાં માણસની કસોટી છે. માણસનું મન જે રંગ પકડે છે તે તેની આંખ, સમગ્ર ચહેરો, વાણીવર્તન, હાલચાલમાં પ્રતિબિંબિત થાય છે. મન અદ્રશ્ય છે. પરંતુ તે જે રંગ પકડે છે તે બહાર પરાવર્તિત થઇ શકે છે, એ રંગ શરીરના બીજા અંગો પર દેખાઇ શકે છે. આથી મનને કયા રંગમાં રંગી દેવું કે કયા રંગથી મુકત કરી દેવું એનું ભાન માણસ પ્રાપ્ત કરી લે તો એનું જીવન નમૂનારૂપ બની જાય. આ કામ અઘરું છે, પરંતુ અસંભવ નથી.

કુદરતે કાચીંડો નામનો એક જીવ સર્જયો છે. એ એની ચામડીનો રંગ બદલી શકે છે. અમે નાના હતા ત્યારે અમારા ઘર પાછળના વાડાની વાડમાં કાચીંડા જોયેલા. અમે એને હલકા કીડા કહેતા. અમે એને ચીડવવા પથ્થર મારતા અને ક્રોધે ભરાયેલો કાચીંડો નવા રંગમાં દેખાતો. મનુષ્યેતર જીવોમાં રંગ બદલી શકવાની ત્રેવડ કુદરતે માત્ર કાચીંડાને આપી છે, એવો ખ્યાલ છે. અને મનુષ્યોમાં તો બધા જ રંગો ગ્રહણ કરવાની શકિત મૂકી દીધી છે. આથી જ કેટલાક મનુષ્યો કાચીંડાની માફક વારંવાર રંગ બદલતા રહે છે. વારંવાર રંગ બદલતા રહેવું ભરોસાપાત્ર નથી. એ અપલક્ષણ છે.

એક અને સર્વશ્રેષ્ઠ રંગમાં રંગાઇ જવું એમાં મનુષ્યજીવનની સાર્થકતા રહેલી છે. જેણે સૃષ્ટિના તમામ રંગો સર્જયા એ કુદરતનો સ્વીકાર કરવો અને તેની નિકટતમ જવાનો પ્રયત્ન કરતા રહેવું, એ દરમ્યાન આંતરબાહય સમગ્રતયા એના રંગમાં રંગાઇ જવું, એમાં જ મનુષ્યજીવનની યથાર્થતા અને સફળતા છે. એ રંગ છે ભકિતનો રંગ, બંદગીનો રંગ, આધ્યાત્મિક રંગ.કુર્આનેપાકમાં છે: સિબ્ગતલલાહિ, વમન અહસનો મિનલ લાહિ સિબ્ગતુંવ વ નહ્નો લહુ આબિદૂન (પારહ-૧,સૂર-૨, સૂરએ બકરહ, આયત - ૧૩૮) (અર્થાત્ (ફરમાવી દો કે) અમે અલ્લાહનો રંગ (સત્ય ઇસ્લામ) સ્વીકાર્યો અને અલ્લાહના કરતાં કોનો રંગ બહેતર છે? અને અમે તેનીજ બંદગી કરનારા છીએ.)

પ્રકૃતિના તમામ તત્વોમાં કુદરતે અજોડ રંગલીલા સર્જી પોતાની અજબ-ગજબ સર્જકતાનો જે પરિચય કરાવ્યો છે, તેનો દુનિયાના કલાકારો કે વૈજ્ઞાનિકો કયારેય મુકાબલો કરી શકવાના નથી. કુદરતના બેહિસાબ રંગો માનવીની રંગપેટી (કલરબોકસ) માં સમાઇ શકે તેમ નથી. કુદરતે અત્ર તત્ર સર્વત્ર એવી અદ્ભૂત ચિત્રકલા સર્જી છે અને તેમાં એવી વિશિષ્ટ અને વૈવિધ્યભરી રંગપૂરણી કરી છે કે માનવીને માટે એ મહાનતમ સર્જક સમક્ષ નત્ મસ્તક થયા વિના છૂટકો નથી. એ જીવન દે છે, જીવનને આકાર દે છે, એજ તેમાં ભાત ભાતની રંગપૂરણી કરે છે. તેની આ સર્જન પ્રક્રિયા કેવી છે? કઇ રીતે આ બધું થાય છે? કુદરતની કેફિયત આપણે જાણી શકવાના નથી. બેશક, તે સર્વજ્ઞ છે, મહાશકિતવાન છે, તેની સર્જકતાને કોઇ આંબી શકતું નથી. તેમજ તેની સંહારેચ્છાને કોઇ વારી શકતું નથી. આવો અહેસાસ માનવીને નિત્ય થતો રહે તો એમાં પણ જીવનનો એક રંગ છે. અને એજ સાચો અને અતિમહત્વનો રંગ છે. એજ રંગને અમીર બનાવીએ.

મારી જ ગઝલના એક શેઅરથી આ લેખનું સમાપન કરું છું:

**રંગ - પીંછી ઝાલનારા ! આટલી ચે આરઝુ !**
**જીવતરનો એક ભરચકક કોઇ ફેરો ચીતરે!** ■

## સફળ જીવન જીવવાની સુવર્ણ ચાવીઓ

સંગ્રહ કર્તા: ઇકબાલ હુશેન મોહંમદ રાંદેરી - બર્મીંગહામ -યુ.કે.

**ઝિન્દગી બસર કરો:** સ્વચ્છતા સહિત.

**કામ કરો:** હિંમતથી.

**મુસાફરી કરો :** કાળજી – એહતીયાત સહિત.

**આખિરત સફળ કરો:** ઇબાદતથી.

**સેવા - ખિદમત કરો:** એખ્લાસ, ખરા દિલથી બિનસ્વાર્થે.

**લેણ - દણ કરો :** ઇમાનદારી અને દયાનતદારી સાથે.

**મુશીબત આવ્યે :** સબ્ર કરો.

**મુતાલેઅ-વાતચિતની આપ-લે કરો:** ગંભીરતાથી.

**નાનાઓથી મળો:** શફ્કત અને વહાલતાથી.

**મોટેરાઓથી મળો:** અદબ–એહતેરામ સહિત.

**વાતચિત કરો:** સચ્ચાઇ સાથે.

**ઝગડો કરો :** હક્ક – સત્ય વાત હોય તો.

**રડતા રહો :** ઝબ્ત સહિત.

**વાયદા કરો :** વફા સહિત.

**તકરીર-ભાષણ કરો :** ફસાહતથી.

**તહરીર કરો :** તદબીર સહિત.

**યાદ કરો :** સમજીને.

**નમાઝ પઢો :** ખુશુ – ખુઝુ – એકધ્યાન – મગ્નતાથી.

**હુકુમત (રાજ્ય સત્તા) કરો:** અદલ – ઇન્સાફથી.

**ઇલાજ કરો:** પરહેઝ સહિત.

**ખાતા રહો :** શુક્ર અલ્લાહ સાથે.

**ઝિક્ર કરો:** શુક્રસહિત.

**ચાલતા રહો :** નમ્રતા અને અકડવિના.

**ફેસલા કરો :** ઇન્સાફની સાથે.

**બુઝુર્ગોથી મળો :** તેઓની બુઝુર્ગીની કદર સાથે.

## પતંગીયા ની પાંખે

લેખક:- હનીફ નાડત - કોંઢ

અત્યારે મને આફ્રિકાની ધરતી ઉપર પગ મુકવાને વિસેક દિવસ થયા છે. લુસાકા ઝામ્બીયામાં મારો વચલો પુત્ર એના પરિવાર જોડે સેટ થયો છે. ના પપ્પા તમે મમ્મી જોડે લુસાકા આવો બસ આજ વાત એ મને કહયા કરતો અને સાચેજ અમો આવી પહોંચ્યા વિદેશ.

આજે હું એક એવા સખી હાતિમ દિલ દાતાની વાત કહેવા માગુ છું . જેમનાં નામથી વહોરા સમાચારનો કોઇ પણ વાંચક ભાગ્યેજ અજાણ હશે. આજે તો આ સખી સજજન સાહેબ આ પૃથ્વી ઉપર હયાત નથી. છતાં એમની હાતિમદિલીની ચર્ચા અહીં લુસાકામાં આજે પણ છે.

હા નામ એમનું હાજી સુલેમાન મેહમુદ નાડત સા. જન્મ ભુમિ એમની કોંઢ પણ એમની કર્મભૂમિ લુસાકા. એવણ યુવાન વયે લુસાકા આવેલા. ઘણા સંઘર્ષો પછી અહીંના વેપાર વણજમાં કાબેલયત હાસીલ કરી. અને એમની મહાનતા જુવો બે પાંદડે થતા ગામડે ગરીબ લોકોને એવણ કયારે ભુલ્યા નથી. એમના દાનની ચર્ચા તો આપણા વહોરા સમાચાર ના જુના અંકોમાં આજે પણ સચવાયેલા હશે જ..

એમની એક વાત અહીં મેં સાંભળી કે મર્હુમ સુલેમાન મોટા એ અહીંની કાળી પ્રજા જે કારમી ગરીબીમાં પોતાના શ્વાસ લઇ રહી છે... એ હબશી પ્રજાને પણ એમણે કયારેય નઝર અંદાજ નથી કર્યા. એમને પણ ઘરો બંધાવી આપ્યા છે. છુપૂ દાન પણ એ હબશી પ્રજાને આપ્યું છે. બસ આવા સખી સજજનને પાક પરવરદિગાર આખિરતમાં અનમોલ બદલો આપે... એમની કબરને પાક પરવર દિગાર જન્નતનો બગીચો બનાવે... એજ મારી દિલી દુવા.. કહેવાઇ છે ને કે સખી કયારેય મરતા નથી. એમની સખાવતની મહેક વર્ષો સુધી પૃથ્વી ઉપર અમર રહે છે. એવુ જ મર્હુમ સુલેમાન મોટા નાડત સાથે થયુ છે...એજ... ■

## અલ - ખ્વારિઝમી (ઇ. સ. ૭૮૦ - ૮૫૦)

વિજ્ઞાન શાખામાં ભણનારાઓ બીજગણિત તો ભણ્યા હશે જ જેને અંગ્રેજીમાં એલ્જિબ્રા (Algebra) કહે છે. તેઓમાંના ઘણા આ એલ્જિબ્રા શબ્દ વારંવાર વાપરતા હશે પણ તેમને કદાચ ખબર નહીં હોય કે સૌપ્રથમ એલ્જિબ્રા શબ્દ આપનાર કોણ હતો. આ શબ્દ આપનાર હતો એક ગણિતજ્ઞ જેનું નામ હતું અલ-ખ્વારિઝમી. આ સિવાય તેનું બીજું અગત્યનું પ્રદાન એ હતું કે તેણે શૂન્યનો સિદ્ધાંત સૌપ્રથમ પશ્ચિમી દુનિયામાં દાખલ કર્યો. વિખ્યાત ઇતિહાસકાર જયોર્જ સાર્ટન તેને બિરદાવતાં લખે છે. તેની જાતિનાં વિજ્ઞાનીઓમાં તે સૌથી મહાન વિજ્ઞાની હતો. અને સાથે સાથે તેના સમયનો પણ. તે ગ્રીક તથા અન્ય સંસ્કૃતિ અને જ્ઞાનને એકબીજાની નજીક લાવ્યો હતો. કોઇપણ મધ્યયુગીન વિદ્વાન અને લેખક કરતાં તેણે ગણિત વિષય પર ખૂબ જ પ્રભુત્વ મેળવ્યું હતું.

જોકે અન્ય વિજ્ઞાનીઓ કરતાં અલ - ખ્વારિઝમી આપણા સમયની વધુ નજીક રહયો હતો. આમ છતાં નિષ્ણાતો તેના ખાનગી જીવન વિશે ખૂબ જ ઓછું જાણે છે. તેનાં ગણિતકીય લખાણો પરથી નિષ્ણાતો લખેલ તારીખોને આધારે એવા તારણ પર આવ્યા છે કે અલ- ખ્વારિઝમી ઇસ્વીસન ૮૦૦ પહેલાં જન્મ્યો હોવો જોઇએ અને તેનું મૃત્યુ ઇ.સ. ૮૪૭ પછી થયું હશે. તેનું આખું નામ હતું અબુ જાફર મહમદ ઇબુ મુલા અલ - ખ્વારિઝમી. તેના પૂર્વજો કે જેઓ ખ્વારિઝમી તરીકે ઓળખાય છે તેઓ મધ્ય એશિયામાં અસલ સમુદ્રની દક્ષિણે આવેલ અને હાલામં ખીવા (KHIVA) તરીકે ઓળખાતા શહેરમાંથી આવેલા હતા. જોકે કેટલાક ઇતિહાસકારો એવું પણ અનુમાન કરે છે કે તેઓ યુકેટીસ અને તૈગ્રીસ નદીઓની વચ્ચે આવેલા ક્ષેત્રમાંથી આવ્યા હશે! તેણે પોતાનું પુખ્ત વયનું જીવન ઇરાકની હાલની રાજધાની બગદાદમાં વ્યતીત કર્યું હતું.

ઇસ્વીસન ૯મી સદી દરમિયાન અરેબિયા એક શક્તિશાળી રાષ્ટ્ર તરીકે બહાર આવ્યું હતું. ચોથી અને પાંચમી સદી દરમિયાન રોમન સામ્રાજયનું પતન થવાથી યુરોપ અંધકારયુગમાં પ્રવેશી ગયું હતું. આ લાંબા સમયને અંધકાર યુગ (Dark Age) કહે છે, કારણ કે તે સમયે શિક્ષણ, કલા અને વ્યાપારની ખૂબ જ અવગણના થઇ હતી અને બિલકુલ દુર્લક્ષ સેવવામાં આવ્યું હતું. સાતમી સદીની શરૂઆતમાં હઝરત મહમદ પયગમ્બર સ.અ. એ (સને ૫૭૦-૬૩૨) મુસ્લિમ ધર્મ સ્થાપ્યો. આ નવો ધર્મ સિરિયા, પેલેસ્ટાઇન અને ઇજિપ્ત દ્વારા પ્રસર્યો. તે પશ્ચિમ યુરોપ પહોંચ્યો જયારે આરબ લશ્કરે ઉત્તર આફ્રિકાને હરાવી ત્યારબાદ સ્પેન પર આક્રમણ કર્યું. ઉત્તર આફ્રિકાના મુસ્લિમો કે જેઓએ સ્પેન પર વિજય મેળવ્યો હતો તેઓ મુર તરીકે ઓળખાયા. આ પછી સિસિલીનો ટાપુ પણ આરબોના નેજા હેઠળ આવ્યો.

જયારે અબુ ખ્વારિઝમી બગદાદમાં રહેતો હતો ત્યારે તે તદ્દન નવું શહેર હતું. પણ તેનું સ્થાન એવું હતું કે જેથી ભારત, પર્શિઆ તથા ભૂમધ્ય સમુદ્રનાં બંદરોનાં વ્યાપારના રસ્તાઓનું તે મોખરાનું બંદર બની જવાથી તે અત્યંત ઝડપથી વિકાસ પામ્યું. સને ૮૧૩ થી ૮૨૩ દરમિયાન બગદાદનું રાજય ખલીફા વડે ચલાવવામાં આવ્યું. ખલીફા ધાર્મિક અને રાજકીય એમ બંને ક્ષેત્રનાં વડા ગણાતા હતા. આ ખલીફાનું નામ હતું અલમામુન. આ ખલીફા અલમામુન પોતે એક નિષ્ણાત, ઉત્સાહથી ભરેલ અને ફિલસૂફ હોવાથી આ શહેરને તેણે બુદ્ધિજીવીઓની સંસ્થા યા મથક બનાવી દીધું. તેણે અહીં ડહાપણનું ઘર (House of Wisdom) ની સ્થાપના કરી અને પોતાનાં નિષ્ણાતોને શ્રેષ્ઠ ગ્રીક લખાણોનું અરબી ભાષામાં ભાષાંતર કરવા માટે

આદેશ આપ્યો. આ પુસ્તકોની નકલો શરૂઆતમાં તો મુસ્લિમ સંસ્થાઓ પૂરતીજ મર્યાદિત રહી જે સ્પેન અને સિસિલીની સંસ્થાઓ ખાતે રખાઇ હતી. પણ ત્યારબાદ તેનું લેટિન ભાષામાં ભાષાંતર કરવામાં આવ્યું અને તે પુસ્તકો આખાયે યુરોપનાં વિશ્વવિદ્યાલયો (Universities) માં પહોંચી ગયાં. જો નવમી સદીમાં આરબ નિષ્ણાતોએ આ કાર્ય કર્યું ન હોત, તો તે પ્રાચીન જ્ઞાન આપણા સુધી પહોંચી જ ન શકત, અને તે કાયમ માટે ગુમ થઇ જાત. આ માટે આપણે આ નિષ્ણાતોનાં ઋણી છીએ.

અબુ ખ્વારિઝમી પણ ડહાપણનું ઘર નો સભ્ય હતો. પણ તે માત્ર ભાષાંતરકાર નહોતો, તેનાથી કયાંયે ગણુ વધારે હતો. તેણે મૂળ પુસ્તકો નવા વિચારોથી લખ્યાં છે. તેની તો ગણિતનાં ક્ષેત્રમાં ખૂબ જ ઉંડી અસર પડેલી છે. ઇસ્વીસન ૮૨૦ માં તેણે સમીકરણો (Equations) પર એક ખૂબ જ અગત્યનું પુસ્તક લખ્યું છે. આ પુસ્તકનું શીર્ષક છે અલ-જાબર વા-અલ મુકાબલા જેનો અર્થ થાય છે સંપૂર્ણ અને સમતોલ કરવું શીર્ષકની અંદર જે પ્રથમ શબ્દ હતો એલ્જિબ્રા જેને આપણે બીજગણિત કહીએ છીએ.

મધ્યયુગીન યુરોપમાં એલ્જિબ્રા શબ્દનો અર્થ માત્ર સમીકણો સમતોલ કરવા યા સંપૂર્ણ કરવા પૂરતો જ મર્યાદિત યા એકમાત્ર અર્થ નહોતો. હજારો એલ્જિબ્રીસ્ટસ (Algebrists) તરીકે ઓળખાતા, એટલા માટે નહીં કે તેઓ ગણિતમાં નિષ્ણાંત હતા યા તેમનું ગણિત બહુ સારું હતું, પણ આડધંધા તરીકે ઘણી વાર તેઓ તૂટેલા હાડકાં ગોઠવી, ચડાવી આપતા જેથી તે સરખા થઇ જાય. તેઓ લોહી વહેવડાવવાની પ્રેકિટસ પણ કરતા. આ શેને માટે હશે તે ખબર નથી. પણ તે જમાનામાં હજામો લોહીવાળા પાટા થાંભલે વીંટતા જેથી લોકોમાં એક પ્રકારનું આકર્ષણ ઉભું થાય !

અલ ખ્વારિઝમીએ ખરેખરતો અલ-જાબર (Al-jabar) શબ્દનો વ્યવહારિક ઉપયોગ ગણિત માટે થાય તે જ અર્થ કર્યો હતો. ગણિતની જરૂરિયાતને રોજીંદા જીવનમાં તે માન અને પ્રાધાન્ય આપતો હતો. વેપારીઓએ અંકગણિતમાં હોશિયાર રહેવું જ પડતું જેથી તેઓ સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર કરી શકે અને પ્રમાણ તથા સરેરાશ વગેરે સમજી શકે, જયારે જમીનમાં ભાગલાં પડાતા ત્યારે ભૂમિતિ ઉપયોગી બનતી. જયારે વારસાના જટિલ જમીનમાં કાયદા પ્રમાણે વારસાઇ નકકી કરવાની હોય ત્યારે એલ્જિબ્રા લોકોનાં ઉભા થયેલ જટિલ પ્રશ્નોના ઉકેલ આણતું. બીજી બાજુ સંખ્યાનાં રહસ્યો શોધવા માટે ગ્રીકો તેનો ઉપયોગ કરવા આતુર હતા, અને નહીં કે તેને વાપરવા માટે. તેઓએ ચોરસ અને ત્રિકોણ વચ્ચેના સંબંધનો અભ્યાસ કર્યો. તેઓ અપૂર્ણાંક સંખ્યા અને સમાંતર લીટીઓના વિચારોથી ખૂબ જ પ્રભાવિત થયા હતા.

અલ ખ્વારિઝમીએ એક મહત્વનું યોગદાન આપ્યું હતું, અને તે ભારતીય ગણિતનો અભ્યાસ કરવાનું કાર્ય . તેણે એક પુસ્તક લખ્યું હતું જેનું નામ હતું. એડિશન એન્ડ સબ્સ્ટ્રેકશન બાય ધી મેથડ ઓફ કેલ્કયૂલેશન ઓફ ધ હિંદુસ (Addtion and substraction by the Method of calaculation of the hindus) જેમાં તેણે પહેલવહેલો શૂન્ય (Zero) નો પરિચય પશ્ચિમની દુનિયાને કરાવ્યો. આ શૂન્યની શોધ સૌપ્રથમ ભારતમાં થઇ હતી અને એક મત મુજબ તે આર્યભટ્ટે કરી હતી.

અન્ય એક માહિતી મુજબ ઘણી સદીઓ પહેલાં થોડાક નહીં જાણીતા એવા હિંદુ નિષ્ણાત વેપારીને પોતાના ગણતરીના પાટિયામાંથી થોડાક આંકડાઓ લખવાના હતા. તેણે એ કોલમ કે જયાં કોઇ જ મણકો નહોતો ત્યાં ટપકું દર્શાવ્યું, અને આ

ટપકાને શૂન્ય નામ આપ્યું. જેનો અર્થ ખાલી (Empty) એવો થાય છે. જયારે આ વિચાર આરબો દ્વારા અપનાવાયો ત્યારે તેઓએ સંકેત ૦ વાપર્યો અને ટપકું ભુલાઇ ગયું. આ શૂન્યને તેઓએ સિફર (sifar) કહયું. આના ઉપરથી જ સાઇફર (Cipher) શબ્દ આપ્યો છે. અઢીસો વર્ષ પછી આ સિફરનો વિચાર ઇટાલી પહોંચ્યો જયાં તેનો ઉલ્લેખ ઝિનેરો (Zenero) તરીકે કરવામાં આવ્યો જેનું પછી અંગ્રેજીમાં ઝીરો (Zero) થઇ ગયું.

આ સંખ્યાઓ ૧ થી ૯ માં સંયુકત રીતે શૂન્યનો ઉપયોગ કરવાથી (૧ થી ૯ હવે અરેબિક સંખ્યાઓ કહેવાય છે) ગમે તે આંકડાની સંખ્યા લખવાનું સરળ અને શકય બન્યું. પછી તે ગમે તેટલી મોટી ભલેને હોય ! અને તે પણ અન્ય કોઇ સંકેતોની શોધ વગર ! આ નવી પદ્ધતિ બીજી કોઇપણ પદ્ધતિ કરતાં સરળમાં સરળ અને બધાને સમજાય તેવી હતી. હવે ગૂંચવણભરી શેષ યા ભાગને અપૂર્ણાંક યા દશાંશ તરીકે દર્શાવવામાં આવ્યા.

પહેલાંની અરેબિક સંખ્યા પદ્ધતિ ગ્રીક પદ્ધતિ જેવી જ હતી. ગ્રીકો પોતાનાં મૂળાક્ષરના ચોવીસ અક્ષરો વાપરતા અને વત્તા અન્ય ત્રણ સંકેતો (Symbol) ને ત્રણ જૂથ (Set) માં વહેંચવામાં આવ્યા હતા. વહેંચવામાં આવ્યા હતા. પ્રથમ જૂથ જે નવ સંખ્યાનું હતું તે આપણી સંખ્યાઓ જેવું હતું. એકથી નવ, બીજું જૂથ હતું દસથી નેવું અને ત્રીજું જૂથ ૧૦૦ થી ૯૦૦ નું હતુ. ગ્રીકોને આપણી જેમ જ દરેક સંખ્યાના સંકેત ત્રણવાર યાદ રાખવા પડતા. એટલુ જ નહીં. પણ સંખ્યાઓ વચ્ચેના સંબંધો જોવા બહુ અઘરા હતા.

જયારે યુરોપમાં નવી અરૈબિક સંખ્યાઓ દાખલ કરવામાં આવી કે તરત જ તેઓએ રોમન સંખ્યાઓ દૂર કરી દીધી. રોમન પદ્ધતિ ગ્રીક પદ્ધતિ કરતા થોડીક સરળ હતી કારણ કે તેમાં બહુ થોડા સંકેતો યા સંખ્યાઓ યાદ રાખવી પડતી, પણ તે પણ ખૂબ જ અઘરી હતી. રોમન લોકો સંખ્યાના પ્રતિનિધિત્વ માટે નીચેનાં અક્ષર વાપરતા.

1= 1 V = 5 X = 10 L = 50

C=10 D = 500 M=1000

એક અને એકહજારની વચ્ચેની કોઇપણ સંખ્યા આ અક્ષરો જોડવાથી યા બેવડાવવાથી બને છે. સરવાળા અને બાદબાકી ખૂબ જ સીધાસટ્ટ છે, ખાસ કરીને મણકા વડે યા એબેકસ પર ગુણાકાર અને ભાગાકાર ખૂબ જ ગૂંચવણભર્યા છે.

શૂન્ય (Zero) ના સંકેત (symbol) તરીકેનો વિચાર શૂન્ય સંખ્યા બન્યો તે પહેલાનો આવ્યો છે. સંખ્યા તરીકે શૂન્ય માટે, એ પ્રશ્નનો જવાબ આપો કેટલા ? જોકે તે વિચિત્ર સંખ્યા છે. શૂન્ય એ જ એક એવી સંખ્યા છે જે બીજી બધી સંખ્યા વડે વિભાજી શકાય છે અને તે જ એક એવી સંખ્યા છે કે જે અન્ય કોઇ સંખ્યાને ભાગી નથી શકતી. આ નવી સંખ્યા શૂન્ય ના ગુણધર્મો સમજવા એ સારા ગણિતજ્ઞની કસોટી બને છે. અલી અલ-દફા નામના લેખકના જણાવ્યા મુજબ યુરોપિયનોએ તત્કાલીન તો શૂન્ય ના ઉપયોગોને વખાણ્યા નહોતા. તે જણાવે છે કે યુરોપને શૂન્ય (Zero) ની મુસ્લિમ તરફથી ભેટ સ્વીકારતા અને ઋણમુકત થવા માટે અઢીસો વર્ષ લાગ્યાં હતા... છેક બારમી સદી પછી જ યુરોપિયનો ખરેખર તો શૂન્યનો તથા દશાંશ પદ્ધતિનો ઉપયોગ કરતા થયા.

અબુ અલ - ખ્વારિઝમીએ પોતાનો રસ માત્ર ગણિત વિષયક જ પૂરતો સીમિત રાખ્યો નહોતો. તેણે ભૂગોળ ઉપર પણ એક પુસ્તક લખ્યું હતું જેનું નામ હતું ધી બુક ઓફ ધી ફોર્મ ઓફ ધી અર્થ. આ પુસ્તકમાં વિવિધ શહેરો માટેના અક્ષાંશ તથા રેખાંશની યાદી ઉપરાંત પહાડો, સમુદ્રો, બેટો તથા નદીઓ માટેના અક્ષાંશ, રેખાંશની યાદી પણ છે.

ખ્વારિઝમીએ વર્ષના લાંબામાં લાંબા દિવસે પડતા સૂર્યના પ્રકાશના જથ્થા પરથી સ્થળોનાં વિવિધ જૂથ પડયાં હતા. તેમાંની કેટલીક માહિતી ટોલેમીની ચોપડી જીઓગ્રાફીમાંથી લેવામાં આવી છે. પણ અબુ ખ્વારિઝમીની ચોપડી આગળના કાર્યના ભાષાંતર કરતાં સહેજ જ વધારે છે. તેનો વિશ્વનો નકશો ટોલેમી કરતાં પણ વધુ ચોકકસ છે, ખાસ કરીને તે ક્ષેત્રો માટે કે જે મુસ્લિમ ધર્મ દ્વારા આવરી લેવાયા હોય. તેણે આફ્રિકા અને દૂર પૂર્વનાં સ્થળોની વિગતવાર માહિતી આરબ વેપારીઓ દ્વારા પ્રાપ્ત કરી હતી, જેઓએ આ દૂરના દશોની મુલાકાત લીધી હતી, યા મુસાફરી કરી હતી.

અબુ અલ-ખ્વારિઝમીએ આકાશના તારાઓનો પણ અભ્યાસ કર્યો હતો. તે સારો અભ્યાસી હોવાથી તે સમયના ખલીફ અલ મામુને તેને પોતાનાં રાજય દરબારમાં ખગોળશાસ્ત્રી તરીકે નિમ્યો હતો. આ સન્માન પ્રત્યે આભારદર્શન દર્શાવવા માટે ખ્વારિઝમીએ પોતે રચેલ કોઠાઓનું પુસ્તક જેમાં સૂર્ય, ચંદ્ર અને ગ્રહોની ગતિવિષયક માહિતી હતી તે ખલીફાને અર્પણ કર્યુ હતું. આ કોઠાઓની વિગતો ચંદ્ર અને સૂર્યનાં ગ્રહણો કયારે થશે તેની આગાહી કરવા માટે વાપરી શકાય છે. આમાં અમુક માહિતી બગદાદમાં જ નોંધી રખાયેલી છે તેમાંથી પ્રાપ્ત કરવામાં આવી છે પણ સાથે સાથે અબુ ખ્વારિઝમીએ ટોલેમીના કોઠાઓ તથા હિંદુઓનાં ડહાપણનો પણ ભરપુર ઉપયોગ કર્યો હતો. તેણે ચારસો વર્ષ પહેલાં થિયામ તથા એલેકઝાંડ્રિયાની હાઇપેશીઆએ કરેલી ટિકા ટિપ્પણી તથા નોંધોનો પણ ઉપયોગ કર્યો છે.

ઇસ્વીસન ૮૪૨ માં અબુ અલ-ખ્વારિઝમીને તે સમયના નવા ખલીફા અલ-વાયિકે એશિયા માઇનોરમાં આવેલા ઇફેસસ નામક સ્થળની મુલાકાત લેવા અને ત્યાં જે સાત સૂતેલાની મસ્જીદ હતી તેનું નિરીક્ષણ કરી આપવાનો હુકમ કર્યો. કોઇને ખબર નથી કે ખલીફાએ આવો હુકમ કેમ કર્યો. કમનસીબે કોઇપણ એવી વિગતો પ્રાપ્ત થતી નથી જે પરથી ખબર પડે કે અલ-ખ્વારિઝમીની મુસાફરી દરમિયાન શું થયું યા તેણે ત્યાં નિરીક્ષણ કરીને શું જોયું.

પણ અન્ય એક ઉલ્લેખ પ્રમાણે ઇસ્વીસન ૮૪૭માં ખલીફા જયારે મૃત્યુને બિછાને હતો ત્યારે અલ-ખ્વારિઝમી તથા અન્ય ખગોળવિદોના એક જૂથને તાત્કાલિક બોલાવવામાં આવ્યું હતું. ખલીફા અલ-વાયિકનાં જન્માક્ષર પરથી ખગોળવિદોએ ભવિષ્ય ભાખ્યું હતું કે ખલીફા ત્રીજા પચાસ વર્ષ સુધી જીવશે. પણ કમનસીબે અલ-વાયિક માત્ર દસ જ દિવસ પછી મૃત્યુ પામ્યો હતો.

આમ અબુ અલ-ખ્વારિઝમીનો આ જ એક અંતિમ ઉલ્લેખ પ્રાપ્ય છે, જે માનવીએ વિશ્વને બીજગણિત અને શૂન્યની ભેટ આપી. પ્રાચીન સમયના વિદ્વાન તરીકે જ તેની નામના માત્ર હતી એવું નહોતું. મુસ્લિમ નિષ્ણાતોના એક જૂથનું તેણે પ્રતિનિધિત્વ પણ કર્યું હતું. આ નવમી સદીનાં ગણિતજ્ઞોએ આપણને શૂન્ય અને દશાંશ પદ્ધતિની ભેટ આપી હતી. તદુપરાંત તેઓએ વર્ગ અને ઘનમૂળની પદ્ધતિ પણ આપી હતી. તેઓએ ત્રિકોણમિતિ **(Trigonomentry)** નો પણ વિકાસ કર્યો હતો અને સાઇન **(Sine)**, કો- સાઇન **(Cosine)** તથા ટેન્જન્ટ **(Tanjent)** નો વિકાસ પણ સાધ્યો હતો. બીજું તેમનું અગત્યનું પ્રદાન એ હતું કે જયારે આખુંયે મધ્યયુગીન યુરોપ અંધકારમાં સપડાયું હતું ત્યારે તેઓએ વિજ્ઞાનની જયોત ઝળહળતી રાખી હતી.

ભારતના શૂન્યની શોધનો સમગ્ર વિશ્વને પરિચય કરાવનાર અને એલ્જિબ્રા શબ્દ આપનાર ગણિતજ્ઞ અને ખગોળવિદ એવો અબુ અલ-ખ્વારિઝમી સંખ્યાના ક્ષેત્રમાં હંમેશાં અમર રહેશે. ■

## સ્કોલર કેરીયર ગાઇડન્સ

દરેક વિદ્યાર્થી અને વાલીએ નીચેના દરેક પોઇન્ટ જરૂરથી સમજવા નીટની પરીક્ષા પછી આવેલ પરિણામ ઉપરથી વિદ્યાર્થી અને વાલીઓને એડમીશન ક્યાં લેવું અને કઇ રીતે લેવું એ બાબતે વિવિધ પ્રશ્નો અને મૂંઝવણો ઉભી થતી હોય છે. જો આ પ્રશ્નો અને મૂંઝવણોનો સચોટ, સાચો, પારદર્શક અને આવનારા ભવિષ્યને સામે રાખીને કોઇ ઉકેલ ન મળે તો વિદ્યાર્થીઓનું કેરિયર ક્યારેક ખોટી દિશામાં ધકેલાઇ જાય છે અને ક્યારેક મોટું આર્થિક નુકશાન તથા સમયનો વ્યય થાય છે જેથી દરેક વિદ્યાર્થી અને વાલીઓને વિનંતી છે કે જો તમને નીચેના કોઇપણ પ્રશ્નો બાબતે નિર્ણય લેવામાં અવઢવ હોયતો આપની આસપાસના અનુભવી તજજ્ઞ અથવા અમારી ટીમ સાથે ચર્ચા કરી વિદ્યાર્થી અને વાલીના હિતમાં આગળ વધવા અનુરોધ છે.

૧. **BHMS, BAMS** અને **BUMS** એટલુ શું ? દરેકની કાર્ય પ્રણાલી અને દરેક કોર્સ વચ્ચેનો તફાવત ?

- **BAMS** એ આયુર્વેદિક અને **BUMS** યુનાની ચિકિત્સા પધ્ધતિ છે બંને એલોપેથીક પ્રેકિટસ કરી શકે છે.
- જયારે **BHMS** પણ ઇન્ડિયન મેડીસિન છે એમને એલોપેથીની પરમિશન નથી પણ આપણે જોઇએ છે બધા પ્રેકિટસ કરતા હોય છે થોડા સમયમાં સરકાર પણ પરવાનગી આપવાના મૂડમાં છે.
- **BHMS, BAMS** અને **BUMS** ને આયુષ વિભાગમાં એક સરખા પગારમાં નોકરી મળે છે.
- જો હોમીઓપેથીકમાં સરકારી કવોટામાં એડમીશન મળતું હોયતો વધારે રૂપિયા ભરી આયુર્વેદિકનો મોહ રાખવો ના જોઇએ.

૨. **BHMS, BAMS** અને **BDS** માં કયાં કોર્સને પ્રાધાન્ય અપાય ? માર્ક્સ, આર્થિક પરિસ્થિતિ અને સંજોગો અનુસાર.

- **BHMS** અને **BAMS** ભારત મળ્યા મેડીસિન સિસ્ટમ છે જે વિદેશમાં ચાલતી નથી. **BDS** માટે વિદેશમાં ઓપ્શન છે.
- **BHMS, BAMS** અને **BDS** બધામાં હવે સરકારી નોકરી મળે છે પણ પરીક્ષા આપવી પડે છે.
- **BDS** માં કિલનિકના સેટઅપ મોંઘુ થતું હોય છે જયારે **BAMS And BHMS** માં કોઇપણ નાના ગામમાં સહેલાઇ થી દવાખાનું ખોલી શકાય છે.
- **BHMS** હોય કે **BAMS** કે **BDS** રોજગાર આપના નોલેજ સ્કીલ ઉપર નિર્ભર કરે છે.

અલ્લાહે રોજી નક્કી કરેલ છે આપનું ઇમાન છે બસ જેમાં હોય એમાં આપણે મહેનત કરીશું સારામાં સારો અભ્યાસ કરીશું તો સફળતા મળશે જ.

૩. જે નીટમાં ૧૧૭ જનરલમાં અને ૭૩ બક્ષીપંચમાં ના આવ્યા હોય તો એડમીશન મળે ખરું **BHMS** અથવા **BAMS** માં ?

- કોઇ પણ સંજોગોમાં ના મળે અને કોઇ એજન્ટ અને કોલેજ આપે તો એ નિયમ વિરૂદ્ધ છે. ગત્ એક વર્ષ માટે જ કેટલાક રાજયમાં હાઇકોર્ટ દ્વારા પરવાનગી મળેલ હતી હજી આ વર્ષે મળશે કે નહિ નક્કી નથી.

૪. નીટ ફરીથી રીપીટર તરીકે આપવામાં માટેના પરિણામો અથવા કઇ રીતે નક્કી કરવું કે આપવી જોઇએ કે ના આપવી જોઇએ ? કેટલા માર્કસ હોય તો ફરીથી મહેનત કરાય અને સર્વે મુજબ કેટલા માર્કસ વધી શકે ?

- જે વિદ્યાર્થીઓનો પહેલો **Attempt** હોય અને આ વર્ષે ૩૦૦ થી ૪૦૦ આસપાસ માર્કસ હોય તો જરૂરથી **Neet** આપવી જોઇએ ૧૫૦ થી ૨૦૦ માર્કસ વધશે તો **government qouta** માં એડમીશન મળી શકશે. અને ફી ખૂબ બચી જશે.

૫. વિદેશમાં મેડિકલમાં એડમીશન લેતા પેહલા કઇ કઇ બાબાતોનું ધ્યાન રાખવું ? કયા દેશમાં જવું ? કોલેજ અને સંલગ્ન હોસ્પિટલ કેવી હોવી જોઇએ ? અભ્યાસ અને

ક્લીનિકલ સ્કીલ કેમ જરૂરી છે ? કયો દેશ આપના બાળક અને કલ્ચર માટે સુરક્ષિત છે ? ઘણી વાર એજન્ટ પોતાના ફાયદા માટે ધાર્મિક સામાજિક સંગઠનના નામો રાખી ગેરમાર્ગે દોરે છે એટલે સાવચેત રહી આગળ વધવા અનુરોધ છે.

- જો પોતાના માં ભરોસે હોય તો એક બે વર્ષ સુધી ભારતમાં જ Neet ની મહેનત કરી એડમીશન મેળવો.
- એડમીશન માટે બે થી ત્રણ એજન્ટ નો સંપર્ક કરવો.
- MCI અને FMCG ના બધા નિયમો જાણી લેવા.
- કોર્સ નો સમયગાળો internship બંને બાજુ કરવાની કે નહિં Internship ભારતમાં વેલીડ છે કે નહિં.
- કોર્સ કઇ ભાષામાં છે. કોર્સ MCI સંલગ્ન છે.
- હોસ્પિટલ કેવી છે દર્દીઓ કેટલા આવે છે હોસ્પિટલમાં કામ કરવા મળશે કે નહિં.
- ઇન્ડિયામાં આવીને પરીક્ષાના પરિણામો કેવા છે.
- સાર્ક દેશોના નિયમ પણ જાણી લેવા.
- ત્યાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો સંપર્ક કરવો.

૬. નીટમાં ક્વોલીફાઇડના થયાં હોય તો કયાં એડમીશન મળી શકે ?

ફાર્મસી નર્સિંગ Physiotherapy અને વિવિધ Paramedical કોર્સ જેવા કે લેબ ટેક, એક્સ રે ટેક, રેડિયોથેરપી, ઓપ્ટોમેટ્રી વગેરે વગેરે.

૭. કોઇ પણ જગ્યાએ એડમીશન લેતા પેહલા આર્થિક પરિસ્થિતિ ઉપર વિચાર કરવો જરૂરી છે ? ખરેખર કઇ કઇ સ્કોલરશીપ યોજના છે ? બેંક લોન કઇ રીતે અને કોને મળે જેથી એડમીશન લીધા પછી મુશ્કેલીમાં મુકાઇ ના જવાય. અમો એ ગ્રુપમાં સ્કોલરશીપ બાબતે વિડિયો મુકેલ છે તે જોઇ લેવો.

૮. જે પણ કોર્સ નકકી કરો એમાં સરકારી અને પ્રાઇવેટ રોજગારની તકો કેટલી છે ? તમે સ્વરોજગાર કઇ રીતે મેળવી શકો ? BAMS અને BHMS પછી આગળ માસ્ટર શેમાં કરી શકાય ? આજ કાલ અવું ચાલે છે BAMS પછી ગાયનેક પણ કરી શકાય વગેરે વગેરે જે શકય નથી.

૯. બક્ષિપંચ અને (Domicile) સર્ટીફીકેટ કોને અને કઇ જાતિને લાગુ પડે ? EWS શું છે ?વિડિયો ગ્રુપમાં મુકેલ છે. જાગૃત બનો માહિતગાર બનો અને સપનાઓને સાકાર કરવા તરફ આગળ વધો.

ડૉ. બિલાલ શેઠ સા.

મૌલાના અબ્દુલ અઝીઝ સા.

ડૉ. સાજીદ મોગલ સા.

ડૉ. યાસર ઉમર સા.

ઇદ્રીસ મુસા સા.

પ્રોફેસર હિદાયત મેમન સા.

**વોટ્સ અપ Only**

૯૪૨૭૫ ૯૪૭૦૦

૯૫૧૦૦ ૨૦૦૩૦

૭૩૮૩૩ ૨૯૨૬૬

**નોંધ :- અમારી ટીમના દરેક મેમ્બરની વ્યસ્તતાના કારણે યોગ્ય સમયે વોટ્સઅપ કર્યા પછી જ જરૂર જણાય ફોન કરવા વિનંતિ છે.** ■

No institute or student from Gujarat or many more provinces. V should be worried and take heed and ask all these good institute to help us establish such trading school. I know one good organization in Surat they are reading for IAS and govt jobs. May Allah swt impart ilme nafe good knowledge to all ameen.

**- MOHAMED MEHTA - CANADA**

# આપણા વિદ્યાર્થીઓની પ્રગતિ

ગયા અઠવાડિયે બહુપ્રતીક્ષિત NEET પરીક્ષાના પરિણામોમાં મદ્રેસા પૃષ્ઠભૂમિના મુસ્લિમ ઉમેદવારોની સફળતાએ બધાને આશ્ચર્યચકિત કર્યા છે. લગભગ ૧૨૦૦ મુસ્લિમ ઉમેદવારોએ MBBS ડિગ્રી મેળવવા માટે પ્રતિષ્ઠિત પરીક્ષા પાસ કરી છે. તેમાંથી ૫૦૦ થી વધુ ઉમેદવારો પશ્ચિમ બંગાળમાં ફેલાયેલા અલ-અમીન મિશનની ૭૦ શાખાઓમાંથી છે, જયારે ૨૫૦ થી વધુ ઉમેદવારો અજમલ ફાઉન્ડેશનની કોચિંગ સંસ્થામાંથી છે અને લગભગ ૪૫૦ શાહીન જૂથની સંસ્થાઓમાંથી છે. આમાંના મોટાભાગના વિદ્યાર્થીઓ આર્થિક રીતે નબળા પૃષ્ઠભૂમિના છે. તેમાંથી ઘણાએ મદ્રેસામાં અભ્યાસ કર્યો છે અને તેમાંથી કેટલાક હાફિઝ પણ છે જેઓ દીલથી કુર્આન શીખે છે.

રાજયના માલદા જીલ્લાના વિદ્યાર્થી તૌહીદ મુર્શીદે ૬૯૦ માર્કર્સ (ઓલ ઇન્ડિયા રેન્કિંગ ૪૭૨ ) સાથે ટોપ કર્યુ છે. આ વર્ષે લગભગ ૧૮૦૦ વિદ્યાર્થીઓએ Neet ની પરીક્ષા આપી હતી. અલ-અમીન મિશન મુજબ ઓછામાં ઓછા ૫૦૦ થી ૫૫૦ વિદ્યાર્થીઓ પાસે દવાનો અભ્યાસ કરવાનો વિકલ્પ હશે. તેમાંથી મોટાભાગના રાજયના સૌથી ગરીબ જીલ્લાના છે. જેમાં મુર્શિદાબાદમાંથી ૧૩૯ ઉમેદવારો છે જયારે માલદામાંથી ૮૯ ઉમેદવારો છે. આ ઉપરાંત ૫૦ વિદ્યાર્થીઓ દક્ષિણ ૨૪ પરગણાથી, ૫૦ બીરભૂમથી, ૩૩ ઉત્તર ૨૪ પરગનાથી, ૨૫ વિદ્યાર્થીઓ બુડવાનથી, ૨૪ નદિયાથી, ૧૬ ઉત્તર દિનાજપુરથી, ૧૫ દક્ષિણ દિનાજપુરથી, ૧૩ હાવડાથી, ૧૨ હુગલીથી આવે છે. જયારે બાંકુરામાંથી ૧૧, પૂર્વ મિદનાપુરના ૧૦, કૂચ બિહારના ૮, પશ્ચિમ મિદનાપુરના ૭, કોલકાતાના ૩ અને પુરુલિયાના ૩ વિદ્યાર્થીઓ છે.


હાવડા સ્થિત અલ-અમીન મિશન લગભગ ૩૫૦૦ ડૉકટરો (MBBS અને BDS) અને ૩૦૦૦ એન્જિનિયરો તેમજ મોટી સંખ્યામાં સંશોધકો, વહીવટી અધિકારીઓ, ટ્રેનર્સ અને પ્રોફેસરો સાથે સ્નાતક થયા છે. આ સિવાય નુરૂલ ઇસ્લામે સંગઠન બનાવ્યું જે હવે પશ્ચિમ બંગાળના ૨૦ જીલ્લામાં ૭૦ કોચિંગ ઇન્સ્ટિટયુટ ચલાવે છે. સંસ્થામાં અંદાજે ૩૦૦૦ પ્રોફેસરો અને નોન-ટીચિંગ સ્ટાફનો સમાવેશ થાય છે જેઓ ૧૭,૦૦૦ રેસિડેન્શિયલ વિદ્યાર્થીઓને ભણાવે છે.

અલ-અમીન મિશનનું મુખ્ય કેમ્પસ પશ્ચિમ બંગાળના હાવડા જીલ્લામાં ખલતપુર ઉદયનારાયણપુર ખાતે છે. હાલમાં મિશન ૬૮૩૮ વિદ્યાર્થીઓ (૪૦ ટકા) ને અર્ધ - પ્રાથમિક શિષ્યવૃત્તિ અને ૪૨૫૭ વિદ્યાર્થીઓ (૨૫ ટકા) ને સંપૂર્ણ મફત શિષ્યવૃત્તિ પ્રદાન કરે છે. અલ અમીન મિશન Neet ના મોટાભાગના વિદ્યાર્થીઓ ખૂબ જ ગરીબ પરિવારોમાંથી આવે છે અને સમાજના નીચલા વર્ગમાંથી આવે છે. અમે તેમની પ્રતિભાને ઉછેરીએ છીએ, તેમની બુદ્ધિમત્તામાં વધારો કરીએ છીએ અને તેમને યોગ્ય વાતાવરણ પ્રદાન કરીએ છીએ જેથી કરીને તેઓ તેમનું શ્રેષ્ઠ પ્રદર્શન કરી શકે, એમ નરુલ ઇસ્લામે મુસ્લિમ-લક્ષી વેબસાઇટને જણાવ્યું હતું.

કર્ણાટકના બિદરમાં આવેલી શાહીન કોલેજમાંથી લગભગ ૧૦ વધુ મદ્રેસા પાસ-આઉટ હાફિઝ વિદ્યાર્થીઓ સરકારી મેડિકલ કોલેજમાં MBBS ની બેઠકો મેળવે તેવી અપેક્ષા છે. અન્ય વિદ્યાર્થીઓથી વિપરીત, હાફિઝના વિદ્યાર્થીઓએ શાહીન ગ્રુપની સંસ્થાઓમાં ખરેખર નોંધપાત્ર કંઇક હાંસલ કર્યુ છે. અગાઉ કયારેય શાળાએ ગયા નથી કે અરબી અને ઉર્દૂ સિવાયના વિજ્ઞાન, ગણિત કે ભાષાઓ જેવા વિષયોનો અભ્યાસ કર્યો નથી.

શાહીન સંસ્થાના એકેડેમિક ઇન્ટેન્સિવ કેર યુનિટે તેમને શ્રેષ્ઠતા હાંસલ કરવામાં અને પ્રતિષ્ઠિત મેડિકલ કોલેજોમાં મફત સરકારી બેઠકો મેળવવામાં મદદ કરી. સંસ્થા હાફિઝના વિદ્યાર્થીઓને મેડિસિન અને અન્ય વ્યવસાયોની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અનોખા છતાં સફળ મોડલમાં તૈયાર કરે છે. શાહીન ગ્રુપ ઓફ ઇન્સ્ટિટયુશન્સનાં ચેરમેન ડૉ. અબ્દુલ કાદીરે જણાવ્યું હતું કે Neet માં દર વર્ષની જેમ આ વર્ષે પણ કોલેજનું શ્રેષ્ઠ પરિણામ આવ્યું છે. ૪૫૦ થી વધુ વિદ્યાર્થીઓને સરકારી MBBS સીટ મળવાની અપેક્ષા છે. ■

# એક બહુમૂલ્ય નજરાણું




માન્ચેસ્ટર (યુ.કે.) ખાતે રહેતા **જ. ઇસ્માઇલભાઇ લંબાત સા.** છેલ્લા કેટલાક વર્ષોથી **વહોરા સમાચાર** માં સમાજને ઉપયોગી થાય એવા જુદા જુદા વિષયો પર લખતા રહયા છે.

આ લેખો સચવાય રહે તે માટે મેં એમને પુસ્તક આકારે પ્રગટ થાય એવી ઇચ્છા વ્યકત કરી અને મારી વાત એમણે ધ્યાનથી સાંભળી પુસ્તક પ્રગટ કરવા મારી વાત માની અને એ કામ માટે મને જ પ્રગટ કરવા જણાવ્યું - જે મારા **આવાઝ પબ્લિકેશન મારફતે** પ્રગટ કર્યુ છે.

આ પુસ્તક વાંચવા, સમજવા અને અમલમાં મુકવા લાયક હોય - અંગ્રેજી જાણકાર હોય અને પુસ્તક મેળવવા માંગતા હોય તો મને મારા ફોન નંબર પર જાણ કરવી. આ પુસ્તક માત્ર આપણા સમાજને ઉપયોગી થાય એ જરૂરી હોય બહું ઓછી નકલો છે. એ મેળવવા - માટે મને જાણ કરવી

**લી. મસ્ત મંગેરા**

**ફોન નંબર :- ૯૪૨૬૭ ૭૧૯૯૧**

# ડાયાબિટીસ

ઇન્સ્યુલિન લેનારાઓ અને લાંબા સમય સુધી અસર કરે એવી ગ્લુકોઝ ઘટાડવાની દવા લેનારાઓમાં આ રીતે અચાનક ગ્લુકોઝ ઘટી જવાની શકયતા સૌથી વધારે રહે છે. આવી તકલીફ થાય અને દર્દી બેભાન થઇ જાય તો તાત્કાલિક એને સારવાર મળી રહે એ હેતુથી દરેક દર્દીએ પોતાનું નામ- સરનામુ, ફોન નંબર; ડૉકટરનું નામ-સરનામુ, ફોન નંબર; તથા "મને ડાયાબિટીસની બીમારી છે. જો હું વિચિત્ર વર્તણુંક કરતો હોઉ કે બેભાન હોઉ તો તરત જ મને ડૉકટર પાસે લઇ જવા વિનંતી" એવુ લખાણ ધરાવતું કાર્ડ કાયમ પોતાની પાસે રાખી મૂકવું જોઇએ.

જો શુગર ઘટી જવાની તકલીફને શરૂઆતના તબકકામાં જ પારખી લેવામાં આવે તો દર્દી પોતે જ એનો ઇલાજ કરી શકે છે. ચકકર કે પરસેવાની શરૂઆત થાય કે તરત જ ખાંડ નાખેલ દૂધ કે અન્ય પ્રવાહી પી લેવું જરૂરી છે. જેવી ખાંડ શરીરમાં જશે કે તરત જ આ તકલીફો ઓછી થઇ જશે. સાથે સાથે કંઇક નકકર ખોરાક / નાસ્તો પણ લઇ લેવો જોઇએ જેથી થોડા સમય પછી પાછી તકલીફ ન થાય. જો દર્દી બેહોશ થઇ ગયો હોય તો એવા દર્દીને મોં વાટે કંઇ આપવાનો પ્રયત્ન કરવાને બદલે તાત્કાલિક હોસ્પિટલ ભેગો કરવો જોઇએ જયાં નસમાં ગ્લુકોઝના ઇન્જેકશન / બાટલા આપીને દર્દીની જિંદગી બચાવી શકાય.

**ડાયાબીટીક કીટોએસિડોસીસઃ-** સામાન્ય રીતે બાળપણથી જ શરૂ થઇ જતા ઇન્સ્યુલિન આધારિત ડાયાબિટીસમાં આ પ્રકારનું કોમ્પ્લિકેશન થાય છે. જયારે શરીરમાં ઇન્સ્યુલિનનું પ્રમાણ ઘટી જાય અને ગ્લુકાગોન નામના અન્ય અંતઃસ્રાવનું પ્રમાણ વધી જાય ત્યારે આવી તકલીફ ઉદ્ભવે છે. સામાન્ય રીતે કોઇ ચેપ લાગવાથી, ઓપરેશન કરાવવાથી કે માનસિક તાણને કારણે અચાનક જ કીટોએસિડોસીસની શરૂઆત થાય છે. ઘણા દર્દીઓ પોતાની ઇચ્છા પ્રમાણે અચાનક જ ઇન્સ્યુલિનનાં ઇન્જેકશન લેવાનું બંધ કરી દે ત્યારે પણ ડાયાબીટીક કીટોએસિડોસીસની તકલીફ થાય છે.

કીટોએસિડોસીસમાં દર્દીના શરીરમાં ગ્લુકોઝ અને કીટોન બોડીઝનું પ્રમાણ ખૂબ વધી જાય છે, જેને કારણે ઉલટી-ઉબકા, બેચેની, ભૂખ મરી જવી, વારંવાર વધુ પ્રમાણમાં પેશાબ જવું, ખૂબ તરસ લાગવી, મોં-ગળુ સૂકાવાં, શ્વાસોશ્વાસ ઝડપી ચાલવા વગેરે અનેક તકલીફો થાય છે અને છેવટે દર્દી બેભાન થઇ જાય છે. દર્દીના લોહી-પેશાબની તપાસમાં ગ્લુકોઝ વધી ગયેલ જણાય અને 'એસિટોન' ની હાજરી જણાય.

આ તકલીફમાં, દર્દીને દાખલ કરીને તાત્કાલિક સલાઇનના બાટલાઓ તથા ઇન્સ્યુલિનના ઇન્જેકશનો આપવામાં આવે છે. ડાયાબીટીક કીટોએસિડોસીસને લીધે બેહોશી ઉપરાંત પેટની તકલીફ પણ ઉદ્ભવે છે. ઉલ્ટી થવી, પેટ ફુલવું, કબજિયાત થવી, ઉલ્ટીમાં લોહી નીકળવું વગેરે તકલીફો કેટલાક દર્દીમાં જોવા મળે છે. હૃદયની ગતિમાં અનિયમિતતા, હૃદયના પમ્પીંગમાં ઘટાડો, હાર્ટ ફેઇલ્યર કે હાર્ટ એટેકની શકયતા પણ કીટોએસિડોસીસ દરમ્યાન વધી જાય છે. નિયમિત ઇન્સ્યુલિનનાં ઇન્જેકશન લેવાની કાળજી તથા શારીરિક-માનસિક તાણની સ્થિતિમાં તાત્કાલિક ડૉકટરની સલાહ લેવાથી આ કોમ્પ્લિકેશનને થતું જ અટકાવી શકાય છે.

**હાઇપર-ઓસ્મોલર કોમા :-** પુખ્તવયના ડાયાબિટીસમાં લોહીની અંદર ગ્લુકોઝનું પ્રમાણ ખૂબ જ વધી જાય ત્યારે "હાઇપર-ઓસ્મોલર કોમા" ની તકલીફ ઉદ્ભવે છે. લોહીમાં ગ્લુકોઝનું પ્રમાણ ૫૦૦-૭૦૦ મિ.ગ્રા./ડે.લી. કરતાં પણ વધી જાય ત્યારે પેશાબ વાટે ખૂબ મોટા પ્રમાણમાં ગ્લુકોઝ અને પાણી નીકળી જાય છે. પરિણામે, શરીરની અંદર પાણીનું પ્રમાણ ઘટી જાય છે; દર્દીના હોઠ-મોં-ગળું સુકાવા લાગે છે; શરીર ઠંડુ થવા લાગે; બી.પી. ઘટવા માંડે; નસોની અંદર લોહીનું પરિભ્રમણ ધીમું થઇ જાય અને ક્યારેક નસની અંદર જ લોહી ગંઠાવાની પ્રક્રિયા શરૂ થઇ જાય છે.

મગજમાંથી પ્રવાહી ઘટી જવાથી વિચારશક્તિ મંદ પડવા લાગે છે, ગુંચવાડા ઉદ્ભવે છે અને કયારેક ખેંચ પણ આવે છે. જો તાત્કાલિક યોગ્ય સારવાર ન મળે તો દર્દી બેહોશ થઇ જાય છે. એક વાર દર્દી બેહોશ થઇ જાય પછી બચવાની શકયતા પચાસ ટકાથી ઓછી રહે છે. આવા દર્દીને હોસ્પિટલમાં તાત્કાલિક દાખલ કરી સલાઇનના બાટલા ઝડપભેર ચઢાવવા પડે છે. શરીરમાં કોઇપણ જાતનો બેકટેરિયાનો ચેપ હોય તો યોગ્ય એન્ટિબાયોટિકની મદદથી એની સારવાર કરવી પડે છે.

આમ, ડાયાબિટીસના દર્દીઓમાં ગ્લુકોઝની મોટી વધઘટ ઘણા દર્દીઓને બેભાનાવસ્થામાં ધકેલી દે છે. આવું ન થાય એ માટે નિયમિત દાકતરી તપાસ કરાવવી જરૂરી છે. એ ઉપરાંત સૌથી વધુ કાળજી દવા / ઇન્જેકશનો નિયમિતપણે લેવાની રાખવી જોઇએ. દવા કે ઇન્જેકશન લીધા પછી સમયસર ખોરાક લેવાનું યાદ રાખવું જોઇએ. ગ્લુકોઝ ઘટાડવાની દવા / ઇન્જેકશન લીધા પછી ખોરાક લેવાનું ભૂલી જનાર કે ઉપવાસ કરનારાઓ જાણી જોઇને ઉપાધિ વ્હોરી લે છે.

**શરીરમાં શુગર ઘટી જાય તો ચકકર આવે, માથુ ખાલી લાગે, પરસેવો થઇ જાય, હાથ પગ પાણી પાણી થઇ જાય, ધ્રુજારી આવે, હૃદયના ધબકારા વધી જાય, આંખે અંધારા આવે, મગજમાં ગુંચવાડા ઉદ્ભવે, ખેંચ અને છેવટે બેભાનાવસ્થા આવે.**

# હાઇબ્લડપ્રેશર

દિવાલોને સમય જતાં પૂરતું લોહી પહોંચી શકતું નથી જેને કારણે એન્જાઇના થવાની કે એટેક આવવાની શક્યતા વધી જાય છે.

### (૨) બેકાબૂ બ્લડપ્રેશરથી પેરાલિસિસનો હુમલો આવવો

હૃદય પછીના ક્રમે હેરાન થવાનો વારો મગજનો આવે છે. હાઇબ્લડપ્રેશરના દર્દીઓમાં માથાના પાછળના ભાગમાં દુઃખાવો થવો, માથું ખાલી ખાલી લાગવું, ચક્કર આવવા, કાનમાં તમરાં બોલવાં, ઝાંખુ દેખાવું કે આંખે અંધારાં આવવાં વગેરે લક્ષણો તો ઘણી વાર શરૂઆતના ગાળામાં જ આવતાં હોય છે. જ્યારે બ્લડપ્રેશર ખૂબ વધી જાય ત્યારે અમુક લોકોના નાકની રક્તવાહિનીઓ વધુ પડતા દબાણને લીધે ફાટી જાય છે અને નસકોરી ફૂટે છે. આની જેમ જ **બેકાબૂ હાઇબ્લડપ્રેશરને કારણે અમુક દર્દીઓની મગજની અંદરની નસો ફાટી જાય છે અને બ્રેઇન હેમરેજ થઇ જાય છે.** જેમ જેમ ઉંમર વધે તેમ તેમ રક્તવાહિનીઓની દિવાલ નબળી પડવા લાગે છે જેના પરિણામે, બ્રેઇન હેમરેજ થવાની શક્યતાઓ પણ ઉંમરની સાથે સાથે આ દર્દીઓમાં વધવા લાગે છે. બ્રેઇન હેમરેજને કારણે પેરાલિસિસથી માંડીને મૃત્યુ સુધીની અસરો ઉદ્ભવી શકે છે.

ઘણા હાઇબ્લડપ્રેશરના દર્દીઓમાં બ્રેઇન હેમરેજ થયા વગર પણ પેરાલિસિસનો હુમલો આવે છે જેનું કારણ રક્તવાહિનીઓમાં લોહીનો પ્રવાહ રૂંધાવાનું હોય છે. અમુક દર્દીઓમાં બ્લડપ્રેશર ખૂબ વધી જાય તો એને કારણે દર્દી બેહોશ થઇ જાય છે; આંખની અંદર પુષ્કળ નુક્સાન થાય છે - દેખાતું બંધ થઇ જાય છે, ખેંચ આવે છે, લવારા કરે છે અને ક્યારેક આવી સ્થિતિમાં જ મૃત્યુ થાય છે.



**પેરાલિસિસ (પક્ષાઘાત) નો હુમલો આવે ત્યારેઃ** સાઠ વર્ષનાં સવિતાકાકીના ઉદાહરણથી આપણે પેરાલિસિસની ચર્ચા કરીશું. સવિતાકાકી અત્યાર સુધી કોઇ જાતની શારીરિક તકલીફ વગર આરામની જિંદગી જીવતાં હતાં. ક્યારેક નાની મોટી તકલીફ થાય તો શેરીના નાકે આવેલ દવાખાને જઇને દવા લઇ આવતા અને તબિયતમાં જરાક સુધારો થાય કે તરત દવા બંધ થઇ જતી અને વૈદ (ડોક્ટર) વેરી થઇ જતો. બે એક વર્ષ પહેલાં એક વખત થોડાક ચક્કર આવતા હતા ત્યારે ડોક્ટરે બી.પી. માપ્યું હતું જે થોડું વધારે હતું. ડૉક્ટરે એમને હાઇબ્લડપ્રેશર માટેની સારવાર અને દવા કાયમ માટે કરવાનું સમજાવેલું. પણ પછી ચક્કર મટી ગયા અને બ્લડપ્રેશરની દવા પણ ભુલાઇ ગઇ. એ વાતને વર્ષો વીતી ગયા પછી આજે બપોરે અચાનક ઘરમાં કંઇ કામ કરતાં કરતાં સવિતાકાકી બેહોશ થઇને પડી ગયા.

અચાનક સવિતાકાકીને શું થઇ ગયું એ કોઇને સમજ ન પડી. તાત્કાલિક ઘરે ડૉક્ટર બોલાવ્યા. સવિતાકાકીના હાથ પગનું હલનચલન જોતાં જણાયું કે ડાબો હાથ અને પગ બિલકુલ નથી હાલતા! સવિતાકાકીને ડાબા અંગનો પેરાલિસિસ (પક્ષાઘાત) થઇ ગયો હતો. ડૉક્ટરે તપાસ કરીને કહ્યું કે બ્લડપ્રેશર ખૂબ વધી જવાને કારણે મગજની નસોને નુક્સાન થયું છે. કદાચ નસ ફાટી જવાને કારણે હેમરેજ થયું છે. દવાથી બ્લડપ્રેશર તો કાબૂમાં આવશે પરંતુ પેરાલિસિસમાંથી સાજા કરવા માટે કોઇ દવા ઉપલબ્ધ નથી.!!

દર વર્ષે સવિતાકાકી જેવા હજારો લોકોને અચાનક પેરાલિસિસનો હુમલો થઇ આવે છે. ગઇકાલ સુધી સાજા નરવા લોકો અચાનક એક બાજુના હાથ-પગ અને મોં પરનું પોતાનું નિયંત્રણ ગુમાવી દે છે. સામાન્ય કમજોરી કે માત્ર મોં વાંકું થઇ જવાની તકલીફથી માંડીને એક હાથ-પગમાં તદ્દન લકવો થઇ જવાની તકલીફ પેરાલિસિસના દર્દીઓમાં જોવા મળે છે. જે હાથ કે પગને લકવાની અસર થઇ હોય એમાં હાથ પગના હલનચલનની તકલીફ સિવાય પણ એ ભાગમાં દુઃખાવો થવો, ખાલી ચડી જવી, ઝણઝણાટી થવી વગેરે પ્રકારની તકલીફો જોવા મળે છે. જમણેરી માણસમાં જમણા હાથ પગનો લક્વો થાય તો ઘણીવાર લકવાની સાથોસાથ બોલવા સમજવાની તકલીફો પણ થાય છે. દર્દીને શું કહેવું છે એ ખબર હોય છતાં શબ્દો ન મળે કે વાક્ય બોલી ન શકાય. ક્યારેક ઇશારાથી વાતો કરે, કયારેક આપણે બોલીએ તે સમજી ન શકે અને પોતાની રીતે લવારા કર્યા કરે. આવી અનેક જાતની તકલીફો લકવાની સાથે થઇ શકે છે.

**પેરાલિસિસનો હુમલો શા માટે આવે છે?** આપણા શરીરના દરેકે દરેક હલનચલન પર આપણા મગજનું નિયંત્રણ હોય છે. મગજના દરેકે દરેક કોષનું નિશ્ચિત કામ હોય છે. જો કોઇ કારણસર મગજના કેટલાક ભાગોને નુક્સાન થાય તો મગજના એ ભાગ દ્વારા થતા બધા કામો ખોરવાઇ જાય છે. જો મગજને મળતો લોહીનો પુરવઠો બંધ થઇ જાય તો મગજનો એટલો ભાગ નાશ પામે છે અને એટલી કામગીરી બંધ થઇ જાય છે. પેરાલિસિસના મોટા ભાગના કિસ્સાઓમાં મગજના એક અડધિયાના કેટલાક ભાગોમાં લોહીનો પુરવઠો ખોરવાઇ જાય છે જેને કારણે એક બાજુના હાથ પગ અને મોંના સ્નાયુઓનું હલનચલન અટકી પડે

ક્રમશઃ

# દેશ-વિદેશના સમાચાર

## આલુંજ

**શાદી મંગણી:-** હાફીઝ ઝાકીર હનીફ શહેરીની મંગણી અંકલેશ્વર મુકામે મીસ્બાહ મુલ્લા સાથે થઇ છે.

**ખુશ આમદીદ (જન્મ):-** દુબઇ નિવાસી મુનાફ ઇકબાલ પટેલ ને ત્યાં છોકરાનો જન્મ નામ અફવાન, અયાઝ ઐયુબ નોરાત ને ત્યાં છોકરાનો જન્મ નામ મોહંમદ તથા અદનાન સલીમ બૈયાંત ને ત્યાં છોકરાનો જન્મ નામ આઝીમ રાખ્યું છે.

**ઇન્તેકાલે પુરમલાલ:-** હનીફ મુસા ટોપીયા તથા ઝામ્બીયા નિવાસી ઇકબાલ છોટા કાસમ ટોપીયા વતનની મુલાકાતે આવ્યા હતા એમનો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**પરદેશથી આગમન:-** શૌકત મોહંમદ નોરાત એમની અહેલીયા સલમાબહેન સાથે મલાવીથી તથા આઇશા ઐયુબ નોરાત પેરીસથી વતનની મુલાકાતે આવ્યા છે.

## અભિનંદન



મૂળ કાપોદરા અને હાલ ભરૂચ સ્થાઇ જનાબ સલીમભાઇ લુણત સા. ની સુપુત્રી **સના** એ **C.B.S.C.** દ્વારા લેવાયેલ **ધો.૧૦** ની પરીક્ષા **માટલીવાલા પબ્લીક સ્કુલ,** **ભરૂચ** માંથી **૯૬.૨૦ ટકા** સાથે પાસ કરી **કાપોદરા** ગામનું નામ રોશન કર્યું છે. તે બદલ **ખુબ ખુબ અભિનંદન.**

**લી.**

**એસ.ડી. પટેલ (મોટા પટેલ) - કાપોદરા**

જા.ખ.

**પરદેશ ગમન:-** ઝુબેદા સીરાજ ટોપીયા એમના ફરજંદ શેહજાદ સાથે પેરીસ તથા ઐયુબ સુલેમાન ટોપીયા વતનની મુલાકાત લઇ પેરીસ પરત ગયા છે.

## દીવા

**ઇન્તેકાલે પુરમલાલ:-** મરીયમ અહમદ સાજીનો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

## ભાદી

**પરદેશ ગમન:-** હાજી બાબુ ગુલામ તરકી યુ.કે.ની મુલાકાતે તથા આસીફ ઇબ્રાહીમ તરકી વતનની મુલાકાત લઇ પેરીસ પરત ગયા છે.

## ખરોડ

**શાદી મંગણી:-** જાબીર શબ્બીર કરોડીયાની શાદી સાલેહા ફીરોજ જોગીયાત સાથે તથા ફાએઝા ઇબ્રાહીમ લહેરીની મંગણી સાયણ મુકામે થઇ છે.


*મસ્જીદ તથા મદ્રેસાઓ*
*માટે ખુશ ખબર*

અનેક જાતની વેરાઇટીઝ,
લેટેસ્ટ ડિઝાઇન, વિવિધ કલર સાથે

તૂર્કી,સઉદી વિગેરે દેશોની ઇમ્પોર્ટેડ સફો,ગાલીચા, વુલન,મખમલ, કોટન તેમજ એક્રેલીક અને પી.વી.સી.ની સફો તેમજ ચટાઇઓ, બાળકોને બેસવાના પાથરણા, આસન,કારપેટ વ્યાજબી ભાવે હાજર સ્ટોકમાં મળશે.

**નોંધ:** આપની એકવારની મુલાકાત આપને સંતોષ આપનાર પુરવાર થશે.

*-:: શો રૂમનું સરનામું ::-*

**આગ્રા કારપેટ્સ એમ્પોરીયમ**

૩,આદર્શ માર્કેટ, મેઇન રોડ,
બાટા શુઝની સામે,ભરૂચ
ફોન નંબર (૦૨૬૪૨) ૨૬૮૦૭૪
મોબાઇલ: ૯૩૭૬૧૭૭૭૨૯,૭૯૮૪૧૬૮૫૭૭

જા.ખ.

**ખુશ આમદીદ (જન્મ) :-** કેનેડા ખાતે મૌ.ઉસ્માનગની જાંગડાને ત્યાં છોકરાનો જન્મ નામ મોહંમદ તથા સુલેમાન ઐયુબ ભૈયાતને ત્યાં છોકરાનો જન્મ થયો છે.

**ઇન્તેકાલે પુરમલાલ :-** હાફીઝ યાકુબ ઇસ્માઇલ સદર (કછા), સારાબહેન યાકુબ સદર (કછા) તથા રૂકૈયાબહેન ગુલામ પટેલનો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**પરદેશથી આગમન :-** વાજીદ રશીદ લહેરી સા.આફ્રિકાથી વતનની મુલાકાતે આવ્યા છે.

**પરદેશ ગમન :-** મહમદ અજીજ યુસુફ જોગીયાત (ચપટી) એમની અહેલીયા સાથે સા.આફ્રિકાની મુલાકાતે ગયા છે.

## બલેશ્વર

**ખુશ આમદીદ (જન્મ) :-** સુહૈલ સલામ પારેખને ત્યાં છોકરાનો જન્મ થયો છે.

**પરદેશથી આગમન :-** હા.નાઝીમ યુસુફ આબોવત બાર્બાડોઝથી, મોહંમદ સત્તાર આબોવત ફેમિલી સાથે કેનેડાથી, સલામભાઇ ભુલા, સુહૈલ સોયબ ભુલા ફેમિલી સાથે, ઐયુબ મોહંમદ ભુલા ફેમિલી સાથે, ફાઝીલ સોયબ ભુલા ફેમિલી સાથે, મુફતી અબ્દુલ્લાહ અનવર આકુજી, અહમદ યુસુફ પારેખ તથા સઇદભાઇ બદાત યુ.કે.થી વતનની મુલાકાતે આવ્યા છે.

## કોસંબા

**શાદી મંગણી :-** ઇરમ સીરાજ પટેલ (સાવાવાલા) ની શાદી ફૈઝલ સીરાજ સીદાત સાથે તથા સફીયાબાનું ઇશાક પટેલની શાદી કરસાડ મુકામે ઇમ્તિયાઝ ઇસ્માઇલ રંદેરા સાથે થઇ છે.

**ઇન્તેકાલે પુરમલાલ :-** ખદીજાબહેન યુસુફ વેડછીયા તથા ઐયુબ સુલેમાન જીભાઇનો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**પરદેશ ગમન :-** મોહંમદ ફૈઝલ બાવા કેનેડા ગયા છે.

## વેસ્માં

**પરદેશથી આગમન :-** ઇબ્રાહીમ ઇદ્રીસ દિલેર, સલીમ

## જાહેર આભાર

અમારા બહેન **મોહતરમા સાબેરા મેહમુદ મુલ્લા સાહેબા** નો **તા.૨૬-૦૮-૨૦૨૨** ના જુમ્આના રોજ **રાંદેર** મુકામે ઇન્તેકાલ થયો છે. **(ઇ.લી.)**

આ દુ:ખદ પ્રસંગે અમારા કુટુંબીજનો, સગા-સબંધીઓ, દોસ્ત બીરાદરો, સ્નેહીજનો, સંસ્થાના કાર્યકરો, ઉલમાએ કીરામ તથા નામી-અનામી મુરબ્બીઓએ જનાઝાની નમાઝમાં શીર્કત ફરમાવી તેમજ દેશ - પરદેશથી ફોન, વોટસએપ, ઇ-મેલ, મેસેજ દ્વારા દિલસોજી પાઠવી અમારા દુ:ખમાં શરીક થયા તે સર્વેનો હમો આ મુખપત્ર દ્વારા અંત:કરણ પૂર્વક આભાર માનીએ છીએ.

અલ્લાહપાક સર્વે સાહેબોને જઝાએ ખૈર અતા ફરમાવે, મર્હુમાની બાલ-બાલ મગફીરત ફરમાવે અને જન્નતુલ ફીરદૌસમાં આલા મુકામ અતા ફરમાવે. **આમીન.**

મર્હુમાના હકમાં સર્વેને દુઆએ મગફીરત કરવા નમ્ર ગુજારીશ છે.

**લી.**

**હાસીમ દાવુદ બોબાત - જર્મની**
**સિદ્દીક દાવુદ બોબાત - પ્રેસ્ટન-યુ.કે.**
**ઇકબાલ દાવુદ બોબાત - પાનોલી**
**મુસા દાવુદ બોબાત - પ્રેસ્ટન-યુ.કે.**
**ફરીદા કાસમ બોબાત - પ્રેસ્ટન - યુ.કે.**
**રસીદા સલીમ પટેલ - ડયુઝબરી - યુ.કે.**
**બિલ્કીસ ફારૂક પટેલ - કોસંબા**

હશન સાલેજી કેનેડાથી, કારી બાસીદ ઇદ્રીસ દિલેર રીયુન્યનથી, ઇલ્યાસ મહમુદ ઘાંચી, હારૂન સુલેમાન ઘાંચી તથા ફીરોજ હશન સાલેજી યુ.કે.થી વતનની મુલાકાતે આવ્યા છે.

**પરદેશ ગમન :-** અલી મોહંમદ ઇસ્માઇલ તરાજીયા એમની અહેલીયા સાથે યુ.કે. તથા હાફેઝ સુહેલ યુસુફ બોડીયાત એમના વાલેદા સાથે વેસ્ટઇન્ડીઝ ગયા છે.

## કાપોદરા

**પરદેશ ગમન :-** મૌ.ઇમરાન પટેલ વતનની મુલાકાત લઇ ઝીમ્બાબ્વે ગયા છે.

## વાડાગામ

**શાદી મંગણી :-** સાજીદ સોયબ પટેલની શાદી ગણદેવી મુકામે ફરહીન જાફરઅલી અન્સારી સાથે થઇ છે.

**પરદેશથી આગમન :-** ઇસ્માઇલભાઇ મેહતર તથા ઇબ્રાહીમભાઇ વરીયાવા કેનેડાથી આવ્યા છે.

**પરદેશ ગમન :-** મૌ.ઇબ્રાહીમ વરીયાવા યુ.કે. ગયા છે.

## વરીયાવ

**શાદી મંગણી :-** અંઝાર સાજીદ કોલાની મંગણી હૈદરાબાદ મુકામે સમીરા મહંમદ કરીમ સાથે તથા અબરાર સાજીદ કોલાની મંગણી મો.માંગરોળ મુકામે સબીહા શબ્બીર પાંડોર સાથે થઇ છે.

**ઇન્તેકાલે પુરમલાલ :-** મોહંમદ સલીમ યાકુબ સાલેજી તથા અસ્લમ મોહંમદ ઇસાભાઇનો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**પરદેશથી આગમન :-** અહમદ (મુન્ના) ભાઇમીઆં ની દિકરી નાહિદ અલ્તાફ યુ.કે.થી, સુલેમાન (સોલી) કાસમ માયત સા.આફ્રિકાથી આવ્યા છે.

**પરદેશ ગમન :-** યુસુફ અ.રહેમાન (અનીસ) દાવજી વધુ અભ્યાસ અર્થે યુ.કે., ઝેબા ફારૂક બાગીયા વધુ અભ્યાસ અર્થે કેનેડા તથા ખદીજા (બેનગોરી) યુસુફ મપારા દુબઇ ગયા છે.

## જાહેર આભાર

જનાબ **મોહંમદ સલીમ યાકુબ સાલેજી** નો **તા.૦૨-૦૯-૨૦૨૨** ના જુમ્આના રોજ **વરીયાવ** મુકામે ઇન્તેકાલ થયો છે. **(ઇ.લી.)**

આ દુ:ખદ પ્રસંગે અમારા કુટુંબીજનો, સગા-સબંધીઓ, દોસ્ત બીરાદરો, સ્નેહીજનો, સંસ્થાના કાર્યકરો, ઉલમાએ કીરામ તથા નામી-અનામી પુરબ્બીઓએ જનાઝાની નમાઝમાં શીર્કત ફરમાવી તેમજ દેશ - પરદેશથી ફોન, વોટસએપ, ઇ-મેલ, મેસેજ દ્વારા દિલસોજી પાઠવી અમારા દુ:ખમાં શરીક થયા તે સર્વેનો હમો આ મુખપત્ર દ્વારા અંત:કરણ પૂર્વક આભાર માનીએ છીએ.

અલ્લાહપાક સર્વે સાહેબોને જઝાએ ખૈર અતા ફરમાવે, મર્હુમની બાલ-બાલ મગફીરત ફરમાવે અને જન્નતુલ ફીરદૌસમાં આલા મુકામ અતા ફરમાવે. **આમીન.**

**લી.**

| | |
|---|---|
| **સુફીયાન મોહંમદ સલીમ સાલેજી** | **અ.રહેમાન (અનીશ) મોહંમદ દાવજી** |
| **દાવુદ મોહંમદ સલીમ સાલેજી** | **ઇમરાન મોહંમદ દાવજી** |
| **બિલાલ મોહંમદ સલીમ સાલેજી** | **સલીમ (સોહેલ) ઇસ્માઇલ દાવજી** |
| **ફાતેમા મોહંમદ સલીમ સાલેજી** | **સાલેજી ફેમિલી એન્ડ દાવજી ફેમિલી** |

## રાંદેર

**ઇન્તેકાલે પુરમલાલ :-** ઇબ્રાહીમ કાસીમ મુલ્લા, આઇશાબીબી (ભાણજીગોરી) - યુસુફ અહમદ ઇસ્માઇલની છોકરી તે યાકુબ ઇસ્માઇલ મોદનની ઔરતનો યુ.કે. ખાતે તથા ખદીજાબીબી (જરીના) - આઝમ મોહંમદ મોદનની છોકરી તે આઝમ (ઇકબાલ) કાસમ ભામની ઔરતનો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**અન્ય :-** રાંદેર મસ્જીદ કુવ્વતે ઇસ્લામના સને ૨૦૨૨-૨૦૨૩ ના ટ્રસ્ટીઓ જ. મોહંમદ ઇબ્રાહીમ યુસુફ મોદન -મેનેજીંગ ટ્રસ્ટી, જ. અહમદ ઇબ્રાહીમ મોદન તથા અમર અનીસ હાટીયા - ટ્રસ્ટી (૨) ધી રાંદેર સુન્ની વહોરા પંચાયત ની તા.૦૪-૦૯-૨૦૨૨ ની વાર્ષિક સામાન્ય સભામાં ધી રાંદેર સુન્ની વહોરા પંચાયત અને તેના હસ્તક ચાલતા વકફોના સને ૨૦૨૨-૨૦૨૩ ના વર્ષ માટે એટલે કે બીજી વાર્ષિક સામાન્ય સભા મળે ત્યાં સુધીની મુદ્દત માટે સંસ્થાના ટ્રસ્ટી બાર્ડની નિમણૂંક નીચે મુજબ કરવામાં આવી છે. જ. ઐયુબ મોહંમદ યાકુબઅલી-પ્રમુખ, જ.અહમદ ઉમર આરેફ- ઉપપ્રમુખ, જ.મોહંમદ ઇસ્માઇલ મેહતર-સેક્રેટરી, જ.ઉસ્માન ઇસ્માઇલ ભરૂચા-જો.સેક્રેટરી, જ. મોહંમદ સોએબ ધુપલી, જ. ઇસ્માઇલ ઇબ્રાહીમ ભામ તથા જ. આરીફ આઝમ ભામ - ટ્રસ્ટી

## મોટાવરાછા

**અન્ય :-** મદ્રેસા ઇસ્લામિયા ફૈઝે આમ મોટાવરાછામાં સિરતુન નબી (સ.અ.વ.) ના જલ્સાનું આયોજન જામિઅહ હકકાનીયા કઠોરના ઉસ્તાદ કારી ઝુબૈર મુન્શી સાહેબની સદારતમાં કરવામાં અવ્યું હતું. જલ્સાના કાર્યક્રમમાં તિલાવત, હમ્દ, તકરીર, નઅત તેમજ મુકાલીમો તાલીબે ઇલ્મો હ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. જલ્સામાં મુખ્ય મકર્રીર તરીકે કારી ઝુબૈર મુન્શી સાહેબે હુઝુરની સિરત ઉપર ખૂબજ ઉપયોગી નસીહતો બયાન કરી હતી તેમજ કારી ફુઝૈલ સાહેબે ખુબ જ સરસ અંદાજમાં કુર્આને પાકની તિલાવત કરી હતી. ઉપરોકત પ્રોગ્રામમાં ખૂબ જ મોટી સંખ્યામાં મદ્રેસામાં

## બાટલી - યુ.કે.

**રજુ કર્તા :- જ. મોહંમદભાઇ પાંડોર સા. જીતાલીવાલા**

**ઇન્તેકાલે પુરમલાલ :-** ઇબ્રાહીમ સલીમ રાજા આલીપોરવાલાનો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**ગમન :-** સુલેમાન ઇબ્રાહીમ કોલા અને મૌલાના ઇલ્યાસ સુલેમાન કોલા લાજપોરવાલા ખરોડ-ઇન્ડિયા ગયા છે.

**અન્ય :-** ગુજરાતી રાઇટસ ફોરમ તરફથી તા.૦૯-૦૯-૨૦૨૨ ના રોજ ચાર નવી બુકોનું વિમોચન પકવા સેન્ટરમાં થયું છે. આ પ્રસંગે દેશભરમાંથી નામાંકિત વ્યકિતઓ આવ્યા હતા.

## ડયુઝબરી - યુ.કે.

**ઇન્તેકાલે પુરમલાલ :-** મહાન આલીમ મૌલાના યાકુબ મુન્શી કાવીવાલાનો ઇન્તેકાલ થયો છે. તેઓ મૌ. અબ્દુલ્લાહ કાપોદરવી સા. ના ખાસ મિત્ર હતા.

## વેનકુવર - કેનેડા

**ઇન્તેકાલે પુરમલાલ :-** આપણી સોસાયટીના હિતેચ્છુ મોહતરમા હવાબહેન ગુલામ મોહંમદ ડૉકટર જીતાલીવાલાનો તા.૧૪-૦૯-૨૦૨૨ ના રોજ વેનકુવર-કેનેડા ખાતે ઇન્તેકાલ થયો છે. તેઓ આજથી ૭૨ વર્ષ પહેલા એમ.એ. હોનર્સ થયા હતા. એમની દિકરી કેનેડામાં ચીફ જસ્ટીશ છે. અને એમની બીજી દિકરી ડાયરેકટર ઓફ લાયબ્રેરીયન છે.

પઢતા બાળકોના વાલીઓ હાજર રહયા હતા. ઉપસ્થિત મહેમાનોએ પ્રોગ્રામમાં ભાગ લેનાર બાળકોને ઇનામોથી નવાજયા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન મૌલાના સિદ્દીક પટેલ સાહેબે કર્યુ હતું. કાર્યક્રમની સફળતા માટે સદર મુદર્રિસ હાફિઝ શફિક અમલા અને મેનેજીંગ બોર્ડના સભ્યોએ મદ્રેસાના સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા.

## ખોલવડ

**અન્ય :-** દર વર્ષે જીલ્લા યુવા વિકાસ અધિકારી સુરત તરફથી યુવાધનમાં રહેલી સુષુપ્ત શકિતઓને ઉજાગર કરવા કલામહાકુંભ તાલુકા, જીલ્લા અને રાજયકક્ષા સુધી અલગ-અલગ સ્પર્ધાઓ યોજવામાં આવે છે. તેમાં તાલુકાની અને જીલ્લાની ઘણી બધી શાળાઓ ભાગ લે છે. અને પોતાની શકિતઓનું પ્રદર્શન કરે છે. એવી જ રીતે એમ.એ.આઇ. પ્રા. શાળા ખોલવડના વિદ્યાર્થીઓએ અલગ-અલગ સ્પર્ધાઓ-એકપાત્રીય અભિનય,સમુહગીત, નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, ચિત્રકલા સ્પર્ધા જેવી સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. તેમાં તાલુકા કક્ષાએ તમામ વિદ્યાર્થીઓ દરેક કૃતિમાં પ્રથમ નંબરે સફળ થયા હતા. તે બદલ મુબારકબાદ. ત્યારબાદ જીલ્લાકક્ષાએ ભાગ લીધો હતો. જીલ્લા કક્ષાએ પણ એકપાત્રીય અભિનયમાં પ્રથમ સૈયદ ફાતેમા અલ્તાફ હુશેન ધો.૪, વકતૃત્વ સ્પર્ધામાં બીજા નંબરે તેલી રૈયાના મ.અમીન ધો.૮ રહયા હતા. એમ.એ.આઇ. પ્રા.શાળાના મદદનીશ શિક્ષક શ્રી રાજ ભરતભાઇ પ્રતાપસિંહ ખુલ્લા વિભાગમાં એકપાત્રીય અભિનયમાં ભાગ લઇ સુરત જીલ્લામાં પ્રથમ આવ્યા હતા. હવે જીલ્લા કક્ષાએ જે સ્પર્ધકો પ્રથમ નંબરે રહયા છે તેઓ રાજયકક્ષાએ ભાગ લેશે. વિજેતા થનાર તમામ સ્પર્ધકોને સંસ્થાના પ્રમુખ જ.ઐયુબભાઇ કાકા, સેક્રેટરી જ.ફૈઝલભાઇ બેરા અને અન્ય ટ્રસ્ટી સભ્યો, શાળાના આચાર્ય જ. અ.રશીદ ઉઘરાતદાર અને અન્ય શિક્ષકમિત્રોએ મુબારકબાદી આપી હતી અને રાજયકક્ષાએ જઇ સંસ્થા, શાળા અને સમાજનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

## આંકડોદ

**ઇન્તેકાલે પુરમલાલ :-** રસુલબીબી ઇસ્માઇલ કાઝી (ટેલર) નો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**પરદેશ ગમન :-** શાકીર ઇકબાલ કાઝી (ટેકરાવાલા) કેનેડા ગયા છે.

**અન્ય :-** તા.૯-૦૯-૨૦૨૨ ના જુમ્આની નમાઝ બાદ આંકડોદ મસ્જીદ, મદ્રેસાની નવી કમિટી બનાવવા માટે તથા મદ્રેસા પાછળની દિવાલ માટે મિટીંગ રાખવામાં આવી હતી. કારી બાબુ સાહેબ નાં તિલાવતે કુર્આન શરીફબાદ આંકડોદ મદ્રેસાની પાછળની દિવાલનો હિસાબ જ. ઝીયાઉદ્દીન કાઝીએ સભા સમક્ષ વાંચી સંભળાવ્યો હતો જેને સર્વાનુમતે મંજુર રાખવામાં આવ્યો


સરનામું બદલાયું છે.
હવે અમારી નવી દુકાનમાં અવશ્ય પધારો.
(દુકાન) : 0261-2452155
મો. ઉમર : 98794 56530
E-mail : libas1978@gmail.com
કફની - પાયજામા, પઠાણી સૂટ,
અરબી ઝબ્બાની "ઇન્ડીયન તેમજ ઇમ્પોર્ટેડ"
કાપડની વિશાળ રેન્જ મળશે.
હજ માટે એહરામનું કાપડ, ટુવાલ
અને બેલ્ટ મળશે.
અમારી એક વખતની મુલાકાત ઇન્શાઅલ્લાહ
આપને લાભદાયી થશે.
સ્થાપના : ૧૯૭૮
લિબાસ
૧૨/૫૩૬, બડી મસ્જીદ (મરકઝ) ની સામે, રાણીતલાવ મેઇન રોડ, સુરત-૩. (ગુજરાત-ઇન્ડિયા)
જા.X.ખ.



ફલેટ વેચવાનો છે.
સ્વાગત રેસીડેન્સી, કઠોર ખાતે 2BHK (૧૨૦૦ સ્કવેર ફુટ) ફલેટ વેચવાનો છે. રસધરાવનારે નીચે આપેલ નંબર ઉપર સંપર્ક કરવો.
-: કોન્ટેક :-
૯૮૨૪૫ ૮૫૬૫૫
વોટ્સએપ નંબર
૯૪૨૬૮ ૬૯૪૨૩
જા.X.ખ.

હતો. જેમાં આવક કરતા જાવક વધારે હોવાથી રૂપિયા ૪૨૨૫૦/- જેટલી ઘટ પડતી હોય સભામાં જ. બાબુભાઇ કાઝી એ ગામવાસીઓને સહકાર આપવા વિનંતી કરતા માશાઅલ્લાહ રૂપિયા ૨૫૪૦૦/- ની રકમ જમાં થઇ હતી અને બાકીના રૂા.૧૭૦૦૦/- એક મુસ્લીમભાઇ તરફથી મળ્યા હતા. ત્યારબાદ આંકડોદ મસ્જીદ મદ્રેસાની સર્વાનુમતે નવી કમિટીની નિમણૂંક કરવામાં આવી હતી. જ. ઝીયાઉદ્દીન ઐયુબ કાઝી - પ્રમુખ,જ. ઇબ્રાહીમ મુસેજી કાઝી - સેકેટરી, જ. શકીલ યુસુફ પટેલ,જ. કારી ગુલામ અહમદ કાઝી, જ. ફૈઝલ ગુલામ કાઝી, મૌલાના ફારૂક ઇબ્રાહીમ કાઝી, જ. ઇરફાન અ.સત્તાર કાઝી, મૌલાના ઇમરાન ગોરા કાઝી, કારી યુસુફ (બાબુ) કાઝી, જ. આરીફ દાવુદ કાઝી, જ. સુફીયાન દાવુદ કાઝી તથા મૌલાના ઇસ્માઇલ અહમદ કાઝી વિગેરે ટ્રસ્ટીઓની નિમણૂંક કરવામાં આવી હતી.

## ઉમરવાડા

**ખુશ આમદીદ (જન્મ):-** અહમદ ઇશાક ગંગાતને ત્યાં છોકરાનો જન્મ નામ અફફાન રાખ્યું છે.

## જઝાકુમુલ્લાહ

### શાદી પ્રસંગે

| | | |
|---|---|---|
| ૫૦૧ | જ.અશરફ મોહંમદ અફઝલ હાજી હાસીમ જાદવત સા. | કઠોર |

### ઝકાત

| | | |
|---|---|---|
| ૫૦૦૦ | મોહ. સનોબર મન્સુરી સા. | વાલીયા |

### લીલ્લાહ

| | | |
|---|---|---|
| ૧૦૦૦ | જ. અયાઝભાઇ શેખ સા. | નેત્રંગ |

**અલ્લાહપાક મદદ આપનારા અપાવનારા સર્વેને બહેતરીન બદલો બન્ને જહાનમાં આપે.આમીન.**

## ઇન્તેકાલે પુરમલાલ

- આપણી સોસાયટીના બોર્ડ ઓફ કાઉન્સીલના સભ્ય **જનાબ મુસાભાઇ ભાઇમીઆં સા.** ના ભાણેજ તેમજ આપણી સોસાયટીના હિતેચ્છુ **જનાબ અનીસભાઇ દાવજી સા.**ના બનેવી **જ. મોહંમદ સલીમ યાકુબ સાલેજી તા.૦૨-૦૯-૨૦૨૨** ના જુમ્આના રોજ **વરીયાવ** મુકામે ઇન્તેકાલ થયો છે. **(ઇ.લી.)**
- આપણી સોસાયટીના મેનેજીંગ કમિટીના સભ્ય **જનાબ ડૉ.આઇ.વાય.વેડછીયા સા.** ના વાલેદા **મોહતરમા ખદીજાબહેન યુસુફ વેડછીયા** નો **તા.૧૩-૦૯-૨૦૨૨** ના મંગળવારના રોજ **કોસંબા** મુકામે ઇન્તેકાલ થયો છે. **(ઇ.લી.)**
- આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ કેનેડા નિવાસી **જનાબ ઝાકીર મોહંમદ પટેલ સા.** ના વાલીદ **જનાબ એમ.ડી.પટેલ સા.** નો **તા.૧૮-૦૯-૨૦૨૨** ના રવિવારના રોજ **સંજાલી** મુકામે ઇન્તેકાલ થયો છે. **(ઇ.લી.)**

---

**અલ્લાહપાક ઉપરોકત મર્હુમોની બાલ-બાલ મગફીરત ફરમાવી જન્નતુલ ફીરદૌસમાં આલા મુકામ અતા ફરમાવે તેમજ સર્વે કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે. આમીન.**

## પ્રતિનિધી - કાર્યકર્તા સાહેબો મારફતે ગામેગામથી સોસાયટીને મળેલી મદદ -રમઝાન -૨૦૨૨

| રકમ | નામ | ગામ | રકમ | નામ | ગામ |
|---|---|---|---|---|---|
| ૫૧,૫૦૦ | જ. ઇમરાન અ.હક વાડીવાલા સા. | બારડોલી | ૮,૨૦૦ | જ.અલી આદમજી પટેલ સા. | ચાસા |

## પસંદ અપની અપની

- અલ્લાહપાકે પોતાના હબીબ (સ.અ.વ.) ની જાતે અકદસ ને પેદા કરવાનો ઇરાદો ન કર્યો હોત તો આ કાએનાત - સૃષ્ટિનું સર્જન પણ ન કર્યું હોત. આપ (સ.અ.વ.) ના સદકા તૂફેલમાં આ સમગ્ર સૃષ્ટિનું સર્જન કર્યું છે. અલ્લાહપાકે મોહંમ્મદ (સ.અ.વ.) ની પાક પવિત્ર રૂહનું સર્જન આ દુનિયાના બનાવવાના હજારો વર્ષ પહેલા કર્યું હતું. જેના સદકા તૂફેલમાં હઝરત આદમ (અ.સ.) ની દુઆ કબુલ થઇ.
- જયારે હઝરત આદમ (અ.સ.) ની દુઆ કબુલ થઇ ત્યારે હઝરત આદમ (અ.સ.) મોહંમ્મદ (સ.અ.વ.) ના સદકા તૂફેલથી દુઆ કબુલ કરવાની માંગણી કરી હતી. અલ્લાહપાકે ફરમાવ્યુ કે મોહમ્મદ- મારો હબીબ છે, અને અંતિમ નબી છે અને હે આદમ (અ.સ.) ખુશ થાઓ આ નબી -રસુલ આપની અવલાદ માંથી છે.
- આપણાં આકા -વ - મવલાં નબીએ કરીમ (સ.અ.વ.) જે સમગ્ર સૃષ્ટિમાં સર્વશ્રેષ્ઠ છે. ખાતીમુન્નબીયા છે. સય્યદુલ રસુલ છે. હબીબે ખુદા છે. સાથે સાથે આપ (સ.અ.વ.) ને અંતિમ નબી-રસુલ બનાવીને અંતિમ આકાશી કિતાબ કુર્આને કરીમ જેવી મુકદદસ સાચી કિતાબ અર્પણ કરી ખરેખર અલ્લાહપાકે માનવજાતી ઉપર ઘણું મોટું અહેસાન અને રહેમત ઇનાયત કરી છે. અતિમહાન ઇનામ અતા કર્યુ છે.
- જો કોઇ કોમ ઉમ્મત અલ્લાહપાકની ઉતારેલ સાચી કિતાબ ઉપર અમલ કરે અને આપ (સ.અ.વ.) ની હદીષે પાક ઉપર સંપૂર્ણ અમલ કરશે તો તે કદી પણ ગુમરાહ થશે નહીં. અલ્લાહપાકને અતિ પસંદ દીન-ધર્મ માત્ર અને માત્ર ઇસ્લામ જ છે. જેના ઉપર અમલ કરવાથીજ આખેરતમાં નજાત મળી શકે છે. દુનિયામાં ચેન-સૂકુન વાળી કામીયાબ જીંદગી જીવી શકે છે. આખેરતની સફળતા એટલે જન્નતનું મળવું.

## અંદાઝ અપના અપના

**કરો મહેરબાની તુમ અહેલે જમીં પર**
**અલ્લાહ મહેરબાં હોગા અર્શે બરીં પર.**

અલ્લાહુ અકબર-કબીરા

અલ્હમ્દોલીલ્લાહ - હમદન કસીરા

સુબ્હાનલ્લાહ - બુકરતંવ વ અસીલા

## You Can Make Your Donation To The Following Bank Account

**DONORS FROM ABROAD**

**THE SURATEE SUNNI VOHRA MUSLIM EDUCATION SOCIETY**
**STATE BANK OF INDIA**

| | | |
|---|---|---|
| **ACCOUNT NO** | : | **(FCRA - SAVINGS BANK A/C.) 40159386675** |
| **BRANCH CODE** | : | **00691** |
| **IFS CODE** | : | **SBIN0000691** |
| **BANK SWIFT CODE** | : | **SBININBB104** |
| **BANK ADDRESS** | : | **FCRA Cell, 4th Floor, State Bank of India, New Delhi Main Branch -11, Sansad Marg, New Delhi-110001 (INDIA).** |

**FOR DONORS FROM INDIA**

**THE SURATEE SUNNI VOHRA MUSLIM EDUCATION SOCIETY**

**UNION BANK OF INDIA**

**ACCOUNT NO : (CURRENT ACCOUNT) 311301010030025 IFS CODE : UBIN0531138**

**BANK ADDRESS : Unapani Road, Station Road Branch, Surat-3, GUJARAT ( INDIA )**

### વહોરા સમાચારનું લવાજમ મોકલવાનું ઠેકાણું

**વહોરા સમાચાર**

**સુફીબાગ,રેલ્વે સ્ટેશન સામે, સુરત - ૩૯૫૦૦૩**

**એકાઉન્ટ નંબર:- ૦૭૪૩૦૨૦૦૦૦૦૧૮૫, બેંક ઓફ બરોડા, સુફીબાગ બ્રાન્ચ, સુરત-૩**

**IFSC CODE :- BARB0SUFIBA**

### વહોરા સમાચાર ગ્રાહક જોગ

(૧) વહોરા સમાચારના અંકો દેશ તથા પરદેશમાં દર માસની ત્રીજી તારીખે એક સાથે પોસ્ટ કરવામાં આવે છે. જેમને અંક ન મળે કાર્યાલયમાં જાણ કરતા સ્ટોકમાં હશે ત્યાં સુધી અંકો રવાના કરવામાં આવશે.પરંતુ દેશમાં અંક ન મળવાનીફરીયાદ જે તે ગામની પોસ્ટ ઓફિસને પણ અવશ્ય કરવા વિનંતી.

(૨) વહોરા સમાચારને લગતા કોઇ પણ કામ માટે નીચે આપેલ મોબાઇલ નંબર ઉપર તેમજ ઇ-મેલ ઉપરસંપર્ક કરી શકો છો.

**મો.અસલમ પટેલ**
**મોબાઇલ નંબર** 098241 84657
E-mail:-vohrasamachar@yahoo.com, vohrasamachar@gmail.com

### વહોરા સમાચારના જાહેરાતના દરો

**આખુ પેજ રૂા. ૨૦૦૦** **અડધુ પેજ રૂા. ૧૨૦૦** **પા પેજ રૂા. ૬૦૦**

**નોંધ :-** વહોરા સમાચારમાં આવતી જાહેરાત કે લેખ સાથે તંત્રી કે સંસ્થા સહમત છે એવું માનવું નહીં.કોઇ પણ સંસ્થાની જાહેરાત લેટરપેડ ઉપર તથા સહી-સિક્કા વાળી હશે તો જ છાપવા અંગે વિચારણા કરવામાં આવશે.

### વહોરા સમાચાર પ્રતિનિધી જોગ

વહોરા સમાચારમાં સમાચાર મોકલનાર પ્રતિનિધી ભાઇઓને નમ્ર વિનંતી કે ગામના કે સંસ્થાના સમાચાર ટુંકા અને મુદ્દાસર લખવા તથા દર માસની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા.

## આપણી વહોરા સોસાયટી દ્વારા ચાલુ વર્ષ (૨૦૨૨-૨૦૨૩) માં નીચે મુજબની શાળાઓમાં રૂપિયા ૩૦,૮૬,૧૦૦/- ની સ્કોલરશીપ આપવામાં આવી છે.

| શાળાનું નામ | ગામ | પ્રાથમિક વિભાગ | સ્કુલ વિભાગ | હા.સેકન્ડરી વિભાગ | કુલ રકમ |
|---|---|---|---|---|---|
| ફલાહી હાઇસ્કુલ | તડકેશ્વર | ૨૦૯૨૦૦ | ૭૭૨૫૦ | ૧૭૯૬૦૦ | ૪૬૬૦૫૦ |
| હાજી એ.એમ. મોતાલા હાઇસ્કુલ | કોસંબા | ૯૬૪૦૦ | ૨૩૫૦૦ | ૧૭૯૮૦૦ | ૨૯૯૭૦૦ |
| મદની હાઇસ્કુલ | કોસાડી | ૧૦૨૬૦૦ | ૬૭૦૦૦ | ૧૧૦૦૦૦ | ૨૭૯૬૦૦ |
| ધી મોડેલ હાઇસ્કુલ | કાપોદરા | ૨૭૦૦૦ | ૨૯૦૦૦ | ૧૪૦૦૦૦ | ૧૯૬૦૦૦ |
| નાનીનરોલી વેલ્ફેર હાઇસ્કુલ | નાનીનરોલી | ૯૫૪૦૦ | ૩૦૬૦૦ | ૬૬૫૦૦ | ૧૯૨૫૦૦ |
| આઇશા સિદ્દીકા હાઇસ્કુલ | જોગવાડ | ૧૧૨૮૦૦ | ૩૭૬૦૦ | ૨૮૦૦૦ | ૧૭૮૪૦૦ |
| એમ.આઇ.કાઝી હાઇસ્કુલ | દઢાલ | ૧૦૯૮૦૦ | ૪૬૨૦૦ | ૨૦૩૦૦ | ૧૭૬૩૦૦ |
| ધી અંજુમન સાર્વજનીક હાઇસ્કુલ | ખરોડ | ૯૯૪૦૦ | ૬૪૨૫૦ | ૧૨૫૦૦ | ૧૭૬૧૫૦ |
| ધી સાર્વજનીક હાઇસ્કુલ | પાનોલી | ૧૩૭૨૦૦ | ૧૯૩૦૦ | ૧૩૬૦૦ | ૧૭૦૧૦૦ |
| કે. વાય. કે હાઇસ્કુલ | હથુરણ | ૧૧૧૬૦૦ | ૪૨૪૦૦ | ૪૦૦૦ | ૧૫૮૦૦૦ |
| કોસમડી હાઇસ્કુલ | કોસમડી | ૭૩૨૦૦ | ૪૩૧૫૦ | ૩૦૮૦૦ | ૧૪૭૧૫૦ |
| આઇડિયલ પ્રાયમરી સ્કુલ | ભાદી | ૧૪૫૨૦૦ | ૦૦ | ૦૦ | ૧૪૫૨૦૦ |
| એ.આઇ.મુલ્લા હાઇસ્કુલ | ઉમરવાડા | ૮૨૮૦૦ | ૨૩૭૦૦ | ૦૦ | ૧૦૬૫૦૦ |
| ફલાહે ઇન્સાની પ્રાયમરી સ્કુલ | રવિદરા | ૮૮૬૦૦ | ૦૦ | ૦૦ | ૮૮૬૦૦ |
| ભટ્ટાઇ વિભાગ હાઇસ્કુલ | ભટ્ટાઇ | ૫૪૬૦૦ | ૫૧૫૦ | ૮૬૦૦ | ૬૮૩૫૦ |
| કે.એન્ડ બી. સાર્વજનીક સ્કુલ | આલીપોર | ૫૦૪૦૦ | ૦૦ | ૦૦ | ૫૦૪૦૦ |
| એમ.એમ.પી. હાઇસ્કુલ | રાંદેર | ૦૦ | ૪૯૦૦ | ૨૫૯૦૦ | ૩૦૮૦૦ |
| યુનિટી પ્રાયમરી સ્કુલ | બોધાણ | ૩૦૬૦૦ | ૦૦ | ૦૦ | ૩૦૬૦૦ |
| મુન્શી એન્ડ દાદી પટેલ હાઇસ્કુલ | લાજપોર | ૧૪૪૦૦ | ૦૦ | ૧૦૮૦૦ | ૨૫૨૦૦ |
| ડૉ.મુસાજી લોખાત ઇ.મી.હાઇસ્કુલ | કઠોર | ૦૦ | ૦૦ | ૨૪૦૦૦ | ૨૪૦૦૦ |
| ધી સીમલક મુસ્લિમ ઇન્સ્ટીટયુટ | સીમલક | ૦૦ | ૪૦૦૦ | ૧૭૮૦૦ | ૨૧૮૦૦ |
| ઉમ્મીદ પ્રાયમરી સ્કુલ | કરંજ | ૧૮૦૦૦ | ૦૦ | ૦૦ | ૧૮૦૦૦ |
| એંગ્લો ઉર્દૂ હાઇસ્કુલ | સુરત | ૦૦ | ૯૨૦૦ | ૨૦૦૦ | ૧૧૨૦૦ |
| અમન ઇંગ્લીશ હાઇસ્કુલ | ડાભેલ | ૦૦ | ૧૦૦૦૦ | ૦૦ | ૧૦૦૦૦ |
| ડૉ. એ.એમ. મુલ્લાં હાઇસ્કુલ | કઠોર | ૦૦ | ૩૪૦૦ | ૫૧૦૦ | ૮૫૦૦ |
| એસ.પી.મદ્રેસા હાઇસ્કુલ | માંગરોલ | ૦૦ | ૩૦૦૦ | ૪૦૦૦ | ૭૦૦૦ |
| | કુલ રકમ | ૧૬૫૯૨૦૦ | ૫૪૩૬૦૦ | ૮૮૩૩૦૦ | ૩૦૮૬૧૦૦ |

વધુ આવતા અંકે

Phon e No.0091-261-2420097/2424458

OCTOBER - 2022

VOHRA SAMACHAR VALID UPTO 31-12-2023.
Licence No.040 inland 081 For Foreign

PUBLISHED ON LAST DATE OF EVERY-
MONTH , AT NATRAJ PRINTERS, SURAT

RNI No.9372/57"Registerd No.SRT-004/2021 -2023"
2000 Copies Posted at SR RMS at 3rd of Every mon th

on date of postin g 03 - 10 - 2022

**વહોરા સમાચાર લવાજમના વાર્ષિક દર નીચે પ્રમાણે છે.**

દેશમાં વાર્ષિક લવાજમ રૂ.૨૦૦, પરદેશમાં વાર્ષિક લવાજમ (બાય એર મેલ) રૂ.૧૦૦૦, દેશમાં લાઇફ મેમ્બર ફી રૂ.૩૦૦૦, પરદેશમાં લાઇફ મેમ્બર ફી રૂ. ૫૦૦૦ (એર ચાર્જ રૂ. ૭૦૦ વાર્ષિક ભરવાના રહેશે.), છુટક નકલ કિંમત રૂ.૨૦.૦૦

## S.S.C. માં સફળ થયેલા પ્રતિભાશાળી તારલાઓ વર્ષ - ૨૦૨૨



સના સલીમ લુણત
ગામઃ- ભરૂચ (કાપોદરા)
૯૬.૨૦ %



કામીલ અકબર લુણત
ગામઃ- મો. માંગરોલ
૮૮.૬૬ %



સફીયા મેહબુબ રાવત
ગામઃ- મો.માંગરોલ
૮૭.૬૬ %



યાહયા મોહંમદ ઉમર
ગામઃ- મો.માંગરોલ
૮૫.૫૦ %



એઝાઝ મો.અમીન ઉમર
ગામઃ- મો.માંગરોલ
૮૨.૩૩ %



ફરહાન સરફરાજ અહમદ ઉમર
ગામઃ- મો. માંગરોલ
૭૮.૬૬ %



ઇબ્રાહીમ ઇસ્માઇલ જસાત
ગામઃ- મો. માંગરોલ
૭૧.૮૩ %



રૂમાના મો.સલીમ વડીયા
ગામઃ- રવિદરા
૭૫.૩૩ %

## H.S.C.માં સફળ થયેલા પ્રતિભાશાળી તારલાઓ વર્ષ - ૨૦૨૨



મારીયા મો.શાકીર દીનાથ
ગામઃ- મોટાવરાછા
૯૧.૭૧ % (આર્ટ્સ)



મુહમ્મદ અશરફ વોરાજી
ગામઃ- મોટાવરાછા
૮૩.૮૫ % (કોમર્સ)



રૈયાન મો.સાજીદ વોરાજી
ગામઃ- મોટાવરાછા
૮૦.૮૫ % (આર્ટ્સ)



મારીયા અહમદ બાંગી
ગામઃ- મોટાવરાછા
૭૨.૨૮ % (આર્ટ્સ)



સમીહા ઇસ્માઇલ રાવત
ગામઃ- મો.માંગરોલ
૭૨.૧૪ % (કોમર્સ)



ખદીજા શૌકતઅલી બદાત
ગામઃ- મોટાવરાછા
૭૧.૪૨ % (આર્ટ્સ)



મોહંમદ ઇમ્તિયાઝઆદમ
ગામઃ- મોટાવરાછા
૬૯.૭૧ % (આર્ટ્સ)



અ.રહેમાન મોહંમદ રાવત
ગામઃ- મો.માંગરોલ
૬૩.૭૧ % (આર્ટ્સ)



આરીફ અહમદ ઇસ્માઇલ
ગામઃ- રાંદેર
૬૨.૧૩ % (કોમર્સ)